અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ જાન્યુઆરી ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ વદ ૧ | અંક : ૧૯૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




**નામ બદલી સોનમર્ગ ટનલ કરાયું |** જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, એલજી મનોજ સિંહા અને કેન્દ્રીય મંત્રી ગડકરી પણ હાજર હતા

# શ્રીનગર-લેહને જોડતી Z મોડ ટનલનું પીએમ મોદીના હસ્તે ઉદઘાટન

। (એજન્સી) શ્રીનગર, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ-કાશ્મીરના ગંદેરબલ Z-મોડ ટનલનું ઉદ્ઘાટન કર્યું છે. આ ટનલનું ઉદ્ઘાટન કરવાની સાથે પીએમ મોદીએ તેનું નામ ઝેડ-મોડ ટનલમાંથી સોનમર્ગ ટનલ કરી દીધું છે. આ ટનલ સાથે પ્રવાસીઓ માટે લોકપ્રિય આકર્ષણનું સ્થળ સોનમર્ગ બારેમાસ મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે. આ દરમિયાન જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, એલજી મનોજ સિંહા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ હાજર હતા.

વડાપ્રધાન મોદીની કાશ્મીર મુલાકાતના લીધે સુરક્ષાદળોએ ખીણમાં સુરક્ષા વધારી હતી. ટોચના ચાર રસ્તાઓ પર ડઝન ચેકપોઈન્ટ બનાવવામાં આવ્યા છે. ટનલનું ઉદ્ઘાટન કર્યા બાદ વડાપ્રધાને ટનલનું નિરીક્ષણ કર્યું હતું. ટનલ ક્ષેત્રની નજીક ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ Z-મોડ ટનલને દરેક હવામાનના હિસાબે બનાવવામાં આવી છે. હવે શિયાળામાં ભારે બરફ વર્ષાના કારણે હાઈવે બંધ નહીં થશે. ટનલ ખુલ્યા બાદ



12 KMની મુસાફરી ઘટીને ૬.૫ રહી જશે. વાહનો ૧૫ મિનિટમાં જ આ આ અંતર કાપી શકશે. લદાખને દેશના બીજા હિસ્સા સાથે જોડશે આ ટનલ, ૨૪૦૦ કરોડના ખર્ચે આ ટનલ તૈયાર કરવામાં આવી છે. દર કલાકે ૧૦૦૦ વાહનોની અવરજવરની ક્ષમતા છે. આ ટનલ ૧૦ મીટર પહોળી છે અને આ સાથે જ સાડા સાત મીટરની એક એસ્કેપ ટનલ બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ બીજી ટનલ છે જેની લંબાઈ 14 KM છે, તે બાલટાલથી જોઝિલા પાસની પાર મિનીમાર્ગ એટલે કે દ્રાસ સુધી જશે. આ ટનલના ઉપયોગ બાદ સેનાને પણ સરહદી ક્ષેત્રો સુધી પહોંચવામાં ખૂબ સરળતા રહેશે. આ ટનલ શરૂ થવાથી તેનો સમય પણ બચશે. તમને જણાવી દઈએ કે, જોઝિલા ટનલનું કામ પૂર્ણ થયા બાદ શ્રીનગર-લેહ માર્ગ આખું વર્ષ ખુલ્લો રહેશે. આ પ્રોજેક્ટ પર કામ મે ૨૦૧૫માં શરૂ થયું હતું. ટનલના બાંધકામનું કામ ગત વર્ષે એટલે કે ૨૦૨૪માં પૂર્ણ થયું હતું. આ ટનલના ઉદ્ઘાટનમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ, એલજી મનોજ સિંહા, કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી ઉપસ્થિત રહ્યા હતા.

**ટનલનો શું ફાયદો થશે ?**

- સોનમર્ગ ટનલ ગંગાગીરથી સોનમર્ગ સુધી અવિરત ટ્રાફિકને સુનિશ્ચિત કરશે.
- નેશનલ હાઈવે-૧ પર મુસાફરીનું અંતર ૪૯ કિમીથી ઘટીને ૪૩ કિમી થઈ જશે.
- વાહનોની સ્પીડ ૩૦ કિમી/કલાકથી વધીને ૭૦ કિમી/કલાક થશે.
- આ ટનલ વિસ્તારમાં પ્રવાસન અને વેપારને વેગ આપવા માટે મદદરૂપ થશે.

નેશનલ હાઈવે એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NHIDCL) એ આ ટનલને ઈજનેરીની અજાયબી અને પ્રદેશ માટે ગેમ ચેન્જર ગણાવી છે. એમ પણ કહ્યું કે આ પ્રોજેક્ટ માત્ર મુસાફરીના અનુભવને જ નહીં પરંતુ જમ્મુ અને કાશ્મીર અને લદાખ વચ્ચે સામાજિક અને આર્થિક વિકાસને પણ વેગ આપશે. Z-Morh ટનલ સાથે ઝોજિલા ટનલનું કામ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે. આ પ્રાદેશિક સંરક્ષણ લોજિસ્ટિક્સ અને પરિવહનને સરળ બનાવશે. તેનાથી લદાખ અને જમ્મુ-કાશ્મીર વચ્ચે જોડાણ અને વિકાસને નવી દિશા મળશે.

આ પ્રોજેક્ટ સોનમર્ગને આખા વર્ષ દરમિયાન જોવાલાયક સ્થળમાં ફેરવશે, જે પ્રવાસનને પણ વેગ આપશે. આનાથી શિયાળુ પ્રવાસન અને સ્થાનિક આજીવિકાને વેગ મળશે. ઝોજિલા ટનલની સાથે જે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે, તે રૂટની લંબાઈ ૪૯ કિમીથી ઘટાડીને ૪૩ કિમી કરશે અને ટ્રેનોની ગતિ ૩૦ કિમી/કલાકથી વધારીને ૭૦ કિમી/કલાક કરશે, આમ શ્રીનગર ખીણ અને લદાખને જોડશે.

## ન્યૂઝ બ્રિફ

### દિલ્હીમાં કોંગ્રેસનું આલિશાન હેડક્વાર્ટર તૈયાર કરવામાં આવ્યું

। નવી દિલ્હી, તા.૧૩ ।

દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસનું દિલ્હીમાં નવું રાષ્ટ્રીય હેડક્વાર્ટર બનીને તૈયાર થઈ ચુક્યુ છે. અત્યાર સુધી કોંગ્રેસ હેડક્વાર્ટરનું સરનામું ૨૪, અકબર રોડ હતું. પણ હવે પાર્ટીનું નવું ઠેકાણું નવી દિલ્હીમાં ૯એ, કોટલા રોડ પર હશે. તેની ઓફિસનું નામ ઈંદિરા ગાંધી ભવન રાખવામાં આવ્યું છે. કોંગ્રેસે રવિવારે જાહેરાત કરી કે, ૯એ, કોટલા રોડ, નવી દિલ્હીમાં આવેલા નવા હેડક્વાર્ટર, ઈંદિરા ગાંધી ભવનનું ઉદ્ઘાટન ૧૫ જાન્યુઆરી, સવારે ૧૦ વાગ્યે એક ભવ્ય સમારંભમાં કરવામાં આવશે. અહીં ઉલ્લેખનિય છે કે, નવા હેડક્વાર્ટરનું ઉદ્ઘાટન કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી કરશે. આ દરમ્યાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ હાજર રહેશે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**અંક બંધ**

તા.૧૪મી જાન્યુઆરી, ૨૦૨૫ મંગળવારના રોજ મકર સંક્રાંતિ પર્વ નિમિત્તે **'ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત'** કાર્યાલય બંધ રહેશે. તા.૧૫મી જાન્યુઆરીનો અંક પ્રસિદ્ધ થશે નહીં. તેમજ તા.૧૬મી ગુરુવારના રોજથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે જેની વાંચકો, વિતરકો અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

**સેન્સેક્સ ૧૧૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યો**

# રોકાણકારોના ૧૨.૫૨ લાખ કરોડ સ્વાહા, ૫૦૦થી વધુ શેર વર્ષના તળિયે

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

અમેરિકામાં રોજગારીના મજબૂત આંકડાઓ તેમજ વિદેશી રોકાણકારોની વેચવાલીના કારણે શેરબજારમાં મોટો કડાકો નોંધાયો છે. સેન્સેક્સ ઈન્ટ્રા ડે ૧૧૨૯.૧૯ પોઈન્ટ તૂટી ૭૬૨૪૯.૭૨ થયો હતો. આ સાથે રોકાણકારોના ૧૨.૫૨ લાખ કરોડ ડૂબ્યાં છે. બીએસઈ ખાતે ૭૦૦થી વધુ સ્ક્રિપ્સમાં લોઅર સર્કિટ વાગી હતી. જ્યારે ૫૦૮ શેર વર્ષના તળિયે પહોંચ્યા હતાં. સેન્સેક્સ



આજે અંતે ૧૦૪૮.૯૦ પોઈન્ટ તૂટી ૭૬૩૩૦.૦૧ પર અને નિફ્ટી ૩૪૫.૫૫ પોઈન્ટ તૂટી ૨૩૦૮૫.૯૫ પર બંધ રહ્યો હતો. અમેરિકાના જોબ ડેટા અપેક્ષા કરતાં વધુ મજબૂત નોંધાતા ફેડ રિઝર્વ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડો થવાની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ડોલર સામે રૂપિયો પણ તળિયે ઝાટક થયો છે. વધુમાં વૈશ્વિક સ્તરે મોટાભાગના શેરબજારમાં ઘટાડાની અસર પણ સ્થાનિક બજારમાં જોવા મળી હતી.

સ્મોલકેપ શેર્સમાં મોટાપાયે વેચવાલી નોંધાઈ હતી. પરિણામે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ ૨૧૮૦.૪૪ પોઈન્ટ તૂટ્યો હતો. ઈન્ડેક્સમાં સામેલ ૯૩૮ શેર પૈકી ૮૯૯ શેરમાં ૨૦ ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. જ્યારે ૩૯ શેર ૮ ટકા સુધી સુધર્યા હતાં.

# ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર થોડું નબળું પડશે : IMF

**અમેરિકાના અર્થતંત્રનો ધારણા કરતાં સારો દેખાવ, યુરોપનું અર્થતંત્ર કંઇ અંશે અટકી ગયું હોવાનો આઇએમએફ વડાનો દાવો**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૩ ।

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)ના મેનેજિંગ ડાયરેક્ટર ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે સ્થિર વૈશ્વિક વૃદ્ધિ છતાં ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર થોડું નબળું પડવાની ધારણા છે, બીજી તરફ અમેરિકાની ભાવિ વેપાર નીતિને કારણે વિશ્વભરમાં આર્થિક અનિશ્ચિતતામાં વધારો થવાની ધારણા છે. આ વર્ષે વિશ્વમાં ખાસ કરીને યુએસની વેપાર નીતિની આસપાસ ઘણી અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે. શુક્રવારે પત્રકારોના જૂથ સાથેના વાર્ષિક મીડિયા રાઉન્ડટેબલમાં તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૫માં વૈશ્વિક વૃદ્ધિદર સ્થિર રહેવાની અપેક્ષા છે, પરંતુ પ્રાદેશિક સ્તરે આર્થિક વૃદ્ધિ અલગ અલગ રહી શકે છે. ૨૦૨૫માં ભારતીય અર્થતંત્ર થોડું નબળું પડવાની ધારણા છે. જોકે તેમણે આ અંગે કોઈ વધુ સ્પષ્ટતા કરી ન હતી.

વર્લ્ડ ઈકોનોમી આઉટલુક અપડેટમાં તેના વિશે વધુ વિગતો મળશે. અર્થતંત્રોના ભાવિ અંગે તેમણે જણાવ્યું હતું કે અમારી અગાઉની ધારણા કરતાં અમેરિકાનું અર્થતંત્ર ઘણો સારો દેખાવ કરી રહ્યું છે. યુરોપિયન યુનિયનનું અર્થતંત્ર કંઇ અંશે અટકી ગયું છે. અને ભારત થોડું નબળું છે. બ્રાઝિલ કંઈક અંશે ઊંચા ફુગાવાનો સામનો કરી રહ્યું છે. વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્રમાં ડિફ્લેશનરી દબાણ છે અને તે સ્થાનિક માગના પડકારોનો સામનો કરી રહ્યું છે. જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે ઓછી આવક ધરાવતા દેશોએ તમામ પ્રયાસો કર્યા છે, આમ છતાં તેઓ એવી સ્થિતિમાં છે કે જો કોઈ નવો આંચકો આવે તો તેમને ઘણી નકારાત્મક અસર થઈ શકે છે. ૨૦૨૫માં અમને ખાસ કરીને આર્થિક નીતિના સંદર્ભમાં ઘણી બધી અનિશ્ચિતતાની ધારણા છે. અમેરિકાના અર્થતંત્રનું કદ અને તેની ભૂમિકા ઘણી જ મોટી છે, તેથી આગામી વહીવટીતંત્ર (ટ્રમ્પ) ખાસ કરીને ટેરિફ, ટેક્સ, ડિરેગ્યુલેશન અને સરકારની કાર્યક્ષમતાના સંદર્ભમાં કેવી નીતિઓ અપનાવે છે તેના પર વિશ્વભરની ચાંપતી નજર છે. આ અનિશ્ચિતતા ખાસ કરીને આગામી સમયગાળાની વેપાર નીતિ સંબંધિત છે.

### સોના ચાંદીના ભાવમાં થયો અધધ વધારો : સોનું રૂ.૮૦,૦૦૦ પાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સોના અને ચાંદીના ભાવમાં સતત વધઘટ જોવા મળી રહી છે, જે રોકાણકારો અને ગ્રાહકો માટે ચર્ચાનો વિષય બની રહે છે. આજે સોમવાર ૧૩ જાન્યુઆરીના રોજ સોનાનો ભાવ વધીને ૮૦,૨૨૦ પ્રતિ ૧૦ ગ્રામ થયો, જ્યારે ચાંદીનો ભાવ ૯૪,૫૦૦ પ્રતિ કિલો રહ્યો. વૈશ્વિક ચાંદીના ભાવ જે તાજેતરમાં ઔંશના નીચામાં ૩૦ ડોલરની અંદર ઉતરી ગયા હતા તે ત્યારબાદ ઝડપી ઉંચકાઈ ફરી ૩૦ ડોલરની સપાટી પાર કરી ઉંચામાં ભાવ ૩૦.૫૧ ડોલર સુધી પહોંચ્યા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામના ઉંચામાં રૂ.૮૦ હજારની ઉપર રૂ.૮૦૫૦૦ સુધી ટ્રેડ થતા જોવા મળ્યા હતા.


**રોડ અને નદીમાં સૈનિકો તૈનાત**

# મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે પ્રયાગરાજની ચારે તરફ અભેદ ચક્રવ્યૂહ

**રસ્તા અને નદીના માર્ગે પણ કોઈ ખરાબ નજર ન ફરી શકે તેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે**

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૩ ।

પ્રયાગરાજમાં મહાકુંભમાં આવનારા શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચક્રવ્યૂહ ગોઠવવામાં આવ્યું છે. જેમાં માર્ગ અને જળમાર્ગ બન્ને તરફથી પ્રયાગરાજને કવર કરવામાં આવ્યું છે. મહાકુંભમાં વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને સાધુ-સંતો ઉમટી રહ્યા છે, આવામાં સુરક્ષા વ્યવસ્થાનો કોઈ પ્રશ્ન ઉભો ન થાય તે માટે અભેદ ચક્રવ્યૂહ ગોઠવવામાં આવ્યું છે. જેમાં રસ્તા અને નદીના માર્ગે પણ કોઈ ખરાબ નજર ન ફરી શકે તેવી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં



આવી છે. મહાકુંભમાં આવનારા શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા અગાઉથી જ કેટલાક મહત્વના આદેશ આપી દેવામાં આવ્યા હતા.

પ્રયાગરાજ જિલ્લાને જોડનારા ૭ રસ્તા તથા તે રસ્તાઓ પર આવતા જિલ્લા અને સરહદોને મળીને પ્રયાગરાજને ચારે તરફથી અભેદ સુરક્ષાનું એક ચક્રવ્યૂહ બનાવી લેવાનો નિર્દેશ અગાઉ આપવામાં આવ્યો હતો. હવે પ્રયાગરાજને જોડનારા તમામ ૭ માર્ગ તથા તે માર્ગ પર આવતા ૮ જિલ્લામાંથી આવન-જાવન કરનારા વાહનો અને વ્યક્તિઓના ચેકિંગ અને ફ્રિસ્કિંગ માટે કુલ ૧૦૨ ચેકપોસ્ટ બનાવાઈ છે. આ રસ્તાઓ પર સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે કુલ ૧૦૨૬ પોલીસકર્મી તૈનાત કરવામાં આવ્યા છે. જેમાં ૭૧ નિરીક્ષક, ૨૩૪ ઉપનિરીક્ષક, ૬૪૫ આરક્ષી/મુખ્ય આરક્ષી અને ૭૬ મહિલા આરક્ષીનો સમાવેશ થાય છે.

### વન-ડે મેચમાં ઇરા જાધવે બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

વિમેન્સ અંડર-૧૯ વન-ડે ટ્રોફીમાં મુંબઈની ઈરા જાધવે પોતાની વિસ્ફોટક બેટિંગથી ઈતિહાસ રચ્યો હતો. ઈરાએ મેઘાલય સામે ૧૫૭ બોલમાં ૩૪૬ રનની રેકોર્ડ ઈનિંગ રમી હતી. આ ઈનિંગમાં ઈરાએ ૪૨ ચોગ્ગા અને ૧૬ છગ્ગા પણ ફટકાર્યા હતા. આ ઈનિંગ સાથે ઈરા મહિલા અંડર-૧૯ વનડે ક્રિકેટમાં સૌથી મોટી ઈનિંગ રમનારી વિશ્વની પ્રથમ ખેલાડી બની ગઈ છે. તેણી પોતાની ઈનિંગના અંત સુધી અણનમ રહી હતી. તેમની રેકોર્ડ બેટિંગને કારણે મુંબઈની ટીમે મેઘાલય સામેની નિર્ધારિત ૫૦ ઓવરની મેચમાં ૩ વિકેટ ગુમાવીને ૫૬૩ રન કર્યા હતા. મુંબઈ સામેની આ મેચમાં મેઘાલયે કુલ ૬ બોલરોનો ઉપયોગ કર્યો જેમાંથી ત્રણ બોલરોએ ૧૦૦ કે તેથી વધુ રન આપ્યા હતા.

**દિગ્ગજ નેતાને મોટો હોદ્દો આપવાની ભલામણ**

# યોગી-મોદી વચ્ચે દોઢ કલાક બેઠક બાદ અનેક અટકળો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે દિલ્હીમાં દોઢ કલાક સુધી ચાલેલી બેઠકે રાજકીય ઉત્તેજના જગાવી છે.

આ બેઠકમાં ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની વરણી વિશે ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. યોગીએ ભાર પૂર્વક વસુંધરા રાજેને રાષ્ટ્રીય પ્રમુખ બનાવવા કહ્યું હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. યોગી મોદીને અચાનક મળવા પહોંચ્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ બે દિવસ સુધી પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓ પર નજર રાખ્યા પછી અચાનક શુક્રવાર ને ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ની સાંજે દિલ્હી પહોંચ્યા હતા.

સત્તાવાર રીતે યોગી વડાપ્રધાન મોદીને પ્રયાગરાજ કુંભ મેળામાં આવવાનું નિમંત્રણ આપવા આવ્યા હતા પણ માત્ર નિમંત્રણ આપવામાં દોઢ કલાક ના લાગે એ કોઈને પણ સમજાય એવી વાત છે. યોગી અને મોદી વચ્ચે સાંજે ૪:૪૫ થી ૬:૧૫ સુધી દોઢ કલાક લગી ચર્ચા ચાલી હતી. ભાજપે રાજ્યોમાં પ્રદેશ પ્રમુખો નિમવા માટે અને સંગઠનની ચૂંટણી કરાવવા તમામ રાજ્યોમાં ચૂંટણી અધિકારી નિમી દીધા છે પણ હજુ સુધી ચૂંટણીની પ્રક્રિયા શરૂ કરાઈ નથી.

## વડોદરામાં DAP ખાતરના નામે પધરાવી દીધાં કાંકરા

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

વડોદરાના શિનોરમાં DAP ખાતરની ગુણોમાંથી કાંકરા નીકળ્યા હતાં. ખેડૂતોએ તપન ફર્ટિલાઈઝરમાંથી ખાતર ખરીદ્યુ હતું. પરંતુ ખાતરમાંથી ૫ કિલો જેટલાં કાંકરા નીકળતાં ખેડૂતો રોષે ભરાયા હતાં. આ મામલે ખેડૂતોએ તપન ફર્ટિલાઈઝરમાં આ વિશે રજૂઆત કરી મામતલદાર તેમજ ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ નોંધાવી છે. વડોદરા જિલ્લાના શિનોરમાં દામનાગર ગામના ખેડૂતોએ સેગવા ચોકડી પાસે આવેલી તપન ફર્ટિલાઈઝરમાંથી DAP ખાતર ખરીદ્યું હતું. જોકે, જ્યારે ખાતરને નાંખવા ખેડૂતે ગુણો ખોલી તો તેમાંથી ૫ કિલો જેટલાં કાંકરા અને કપચી નીકળી હતી. બાદમાં ખેડૂતોએ આ વિશે તપન ફર્ટિલાઈઝરમાં રજૂઆત કરી.

## દેવભૂમિ દ્વારકાના ખેડૂતો પાસેથી ગવર્નર આચાર્ય દેવવ્રતજીએ ગુરુદક્ષિણામાં પ્રાકૃતિક ખેતી કરવાની ખાતરી માગી




દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધિણકી ગામે ખેડૂતો સાથે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનો પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ. રાજ્યપાલશ્રીએ ધરતીપુત્રો સાથે પારસ્પરિક સંવાદ દ્વારા પ્રાકૃતિક કૃષિની મહત્તા અંગે વિસ્તૃત સમજ આપી. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીઃ પ્રાકૃતિક કૃષિ અહિંસક છે : પ્રકૃતિનું સાચું સંરક્ષણ પ્રાકૃતિક કૃષિ જ કરી શકે : માનવ કલ્યાણના ઉદ્દેશ્ય સાથે ધરતીપુત્રો પ્રાકૃતિક કૃષિ અપનાવશે તો સમૃદ્ધિ અને ઉન્નતિના દ્વાર ખુલશે.

## અમદાવાદ ફ્લાવર શોમાં નકલી ટિકિટ મામલે એક્શન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદના પાલડી વિસ્તારમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શૉ ૨૦૨૫નો ત્રીજી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે, જે ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. ત્યારે શુક્રવારે (૧૦મી જાન્યુઆરી) ફ્લાવર શૉની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. હાલ આ મામલે પોલીસે શાહપુરથી આશિષ ભાવસાર નામના વ્યક્તિની ધરપકડ કરીને પૂછપરછ કરી રહી છે.

## રોડ સેફ્ટી કામગીરી માટે ૧૮૮ કરોડ રૂપિયા ફાળવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના અકસ્માત સંભાવનાગ્રસ્ત માર્ગો પર રોડ સેફ્ટી કામગીરી માટે ૧૮૮ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અકસ્માતોની સંખ્યા ઘટે અને માર્ગ સલામતી વધે તેવો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જનહિતકારી અભિગમ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફ્ટી માટે જનહિતકારી નિર્ણય કર્યો છે. વળાંક સુધારણા- ક્રેશ બેરિયર- સ્પોટ વાઈડનીંગ વગેરે ૮૦ કામો ૩૨૯ કિલોમીટર લંબાઈમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે હાથ ધરાશે. ફોર લેન - સિક્સ લેન માર્ગો પર રોડ સેફ્ટીને ધ્યાને લઈને એન્ટીગ્લેર સિસ્ટમના કુલ ૭૬ કામો ૭૮૬ કિલોમીટર લંબાઈના માર્ગો પર કરવા માટે રૂ. ૮૭.૫૨ કરોડ મંજૂર કર્યા. મુખ્યમંત્રીએ રાજ્યના માર્ગો પરની રોડ સેફ્ટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ મકાન વિભાગને રૂ. ૧૮૮ કરોડના કામો હાથ ધરવા મંજુરી આપી છે. મુખ્યમંત્રીએ માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂ. ૧૦૦.૫૩ કરોડ મંજુર કર્યા છે. તદનુસાર, વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઈડનિંગ તથા રોડ ફર્નિચર વગેરે કામગીરીના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન્ટીગ્લેર સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

## લસણની બજારમાં ધીમે ધીમે મંદી જોવા મળી રહે છે

। (એજન્સી) અમરેલી, તા.૧૩ ।

લસણની બજારમાં હાલ મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લાના સ્થાનિક વેપારીઓએ જણાવ્યું કે હાલ લસણની બજારમાં ધીમે ધીમે મંદી જોવા મળી રહે છે અને છેલ્લા બે દિવસમાં લસણના ભાવમાં ૨૦ કિલોમાં ૫૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે અને આગામી દિવસોમાં લસણનો ભાવ હજુ ઘટવાની શક્યતા છે. લસણનો ભાવ ઘટવાની મુખ્ય શક્યતા ચાઈનીઝ લસણના આયાતને પગલે થઈ હોય એવું લાગી રહ્યું છે. સૌરાષ્ટ્રના વેપારીઓ લસણમાં આ વર્ષે આસમાનની ઊંચા ભાવ જોવાની આશા મળે તેવી શક્યતાઓ હતી પરંતુ હાલ ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે. નવા લસણની આવક ચાલુ થવાની સાથે જ બજારો આગામી દિવસોમાં વધુ તૂટે તેવી પણ ધારણા કેટલાક વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં લસણની ૧૬૦૦ કટ્ટાની આવક નોંધાઈ હતી અને લસણનો ભાવ સામાન્ય ૧,૫૦૦ થી ૨૦૦૦ રૂપિયા નોંધાયો હતો. જ્યારે મીડીયમ ક્વોલિટીનો ભાવ ૧૫૦૦ રૂપિયાથી ૧,૯૦૦ રૂપિયા નોંધાયો હતો. જ્યારે સારી ક્વોલિટીનો ભાવ ૧૯૦૦ રૂપિયાથી ૨,૩૦૦ રૂપિયા નોંધાયો હતો અને સુપર લસણનો ભાવ ૨૩૦૦ રૂપિયાથી ૩૪૦૦ રૂપિયા સુધી બોલાયો હતો. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં લસણની આવકમાં સતત વધારો થઈ રહ્યો છે, ભાવમાં સતત ઘટાડો થયો છે. જામનગર માર્કેટિંગ યાર્ડમાં ૯૫૦ની આવક નોંધાય છે. જામનગર માર્કેટિંગ યાર્ડમાં આવક સામે ભાવ રૂપિયા ૧૦૦૦ રૂપિયાથી ૩૨૦૦ રૂપિયા સુધી બોલાયા હતા. જનરલ ભાવ બોલાયા હતા અને જામનગર માર્કેટિંગ યાર્ડમાં પણ લસણના ભાવમાં ઘટાડો નોંધાયો છે.

## જૂનાગઢની માર્કેટમાં ધૂમ મચાવી રહી છે સ્વીચવાળી ફીરકી

### આ વખતે ફિરકીમાં દોરી લપેટવામાં કોઈ મહેનત નહીં કરવી પડે : માર્કેટમાં ઓટોમેટિક ફીરકીએ ધૂમ મચાવી

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૩ ।

સમગ્ર ભારત વર્ષમાં મકર સંક્રાંતિ પર્વ અનેક વિધ રીતે ઉજવાય છે. ગુજરાતમાં મકર સંક્રાંતિને ઉતરાયણ કહેવાય છે. મકરસંક્રાંતિને હવે ગણતરીનો સમય બાકી છે. ત્યારે બજારમાં અવનવી પેટર્નની ફીરકી અને પતંગો ખરીદી કરવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ગ્રાહકોને દર વર્ષે કંઈક નવું જોઈતું હોય છે. જેથી આ દર વર્ષે વેપારીઓ પણ ગ્રાહકોને સંતોષવા અવનવી વેરાયટી લાવવાની કોશીશ કરતા હોય છે. દર વર્ષની જેમ આ વર્ષે ઓટોમેટિક ફીરકીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

આ વખતે ઓટોમેટિક ફીરકી આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ઉત્તરાયણના તહેવારમાં પતંગરસિકો જે હોશે હોશે પતંગ ચગાવતા હોય છે. તેમના દોરી લપેટવાના સમયે હોશ ઉડી જતા હોય છે.

લોકોને દોરી લપેટવાનો ખૂબ જ કંટાળો આવતો હોય છે. જેથી તેનો અલ્ટરનેટિવ તેઓ શોધતા હોય છે. આવા લોકો માટે ઓટોમેટિક ફિરકી ખૂબ જ મદદરૂપ સાબિત થઈ રહેશે. કારણ કે, એક બટન દબાવવાથી તેમાંથી દોરી છૂટે છે અને બીજુ બટન દબાવવાથી દોરી લપેટાઈ પણ જાય છે. આ ફીરકીનો ભાવ ૧૫૦૦ જેટલો બોલાઈ રહ્યો છે, છતાં પણ આ સ્વદેશી ફિરકીને ખરીદવા માટે લોકો તત્પર બન્યા છે.

અવનવી પતંગોનો ખજાનો લેવા માટે વેપારીઓને ત્યાં ગ્રાહકો પહોંચી ખરીદી રહ્યા છે. જેમાં મોટું-પતલું, છોટાભીમ, ટોમ એન્ડ જેરી, પુષ્પા સહિતની પ્રિન્ટિંગવાળી વસ્તુઓ ખરીદવાનો ક્રેઝ હાલમાં લોકોમાં જોવા મળી રહ્યો છે.

ગત વર્ષે જે પતંગનો ભાવ હતો. તેનાથી આ વર્ષે પતંગ અને માંઝા બંનેમાં ૨૫થી ૩૦%નો ભાવ વધ્યો છે. આ ભાવ વધારા છતાં પણ લોકો હાલમાં તહેવારને માણવા માટે અવનવી વસ્તુઓને ખરીદી રહ્યા છે અને તહેવારની મજા બમણી કરવાની તૈયારીઓ કરી રહ્યા છે.

## વેજલપુર પોલીસે સાત વ્યાજખોરો સામે ગુનો નોંધ્યો વેપારીએ ૬૯ લાખ લઇ ૧.૬૪ કરોડ ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ ૧.૧૨ કરોડ માગ્યા

### આરોપીઓએ ભંવરલાલની દુકાન તથા ઘરે જઈને પરેશાન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

શહેરમાં રહેતા શાકભાજીના વેપારીએ સાત વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. કોરોના સમયે વેપારીને નુકસાન થતા ધંધો પડી ભાંગ્યો હતો. ફરીથી ધંધો શરૂ કરવા માટે તેમણે વ્યાજખોરો પાસેથી ૩૦ ટકા વ્યાજે રૂપિયા લીધા હતા. વેપારીએ ૩૦ ટકા વ્યાજે કુલ ૬૯ લાખની રકમ લઈને ૧.૬૪ કરોડ ચૂકવ્યા હતા છતાંય વ્યાજખોરોએ ૧.૧૨ કરોડની માગણી કરી હતી. વેપારીએ મૂળ રકમના ડબલ રૂપિયા વ્યાજ સહિત ચૂકવ્યા હોવા છતાં સાતેય વ્યાજખોરો વધુ નાણાં માગીને વેપારીને પરેશાન કરતા હતા. વેપારીએ વ્યાજખોરોના ત્રાસ અને ધમકીથી કંટાળીને વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.વેજલપુરમાં રહેતા ભંવરલાલ પ્રજાપતિ પ્રેરણાતીર્થ દેરાસર રોડ પર શાકભાજીની દુકાન ધરાવે છે. કોરોના દરમિયાન ધંધામાં ખૂબ જ નુકસાન થયું હોવાથી ફરીથી ધંધો શરૂ કરવા માટે તેમણે વ્યાજે નાણાં લીધા હતા. ભંવરલાલે રમેશ પ્રજાપતિ પાસેથી ૨૫ લાખ લઈને ૬૫ લાખ ચૂકવ્યા હતા. છતાં રમેશ પ્રજાપતિ ૩૦ ટકા વ્યાજ લેખે હજુ ૪૪ લાખની માગણી કરતો હતો. માનાજી પ્રજાપતિએ ૭.૫૦ લાખ વ્યાજે આપીને ૧૧.૫૨ લાખ રૂપિયા મેળવ્યા બાદ પણ ૭.૫૦ લાખની માગણી કરી હતી. ભંવરલાલે વ્યાજખોર રમેશ દેવાજી પ્રજાપતિ પાસેથી પણ ૧૦ લાખ વ્યાજે લઈને ૨૧.૯૦ લાખ ચૂકવ્યા છતાં પણ રમેશ પ્રજાપતિ ૧૦ લાખ રૂપિયાની માગણી કરતા હતા. નવીન પ્રજાપતિએ ૭ લાખ વ્યાજે આપીને ૧૫.૬૩ લાખ મેળવ્યા બાદ પણ ૬ લાખ રૂપિયાની માગણી કરતા હતા.

## યુવક પાસેથી ૩.૨૫ લાખ પડાવી લેનાર પાંચ સામે ગુનો

। મહેસાણા, તા.૧૩ ।

મહેસાણા તાલુકાના બલોલના યુવક સાથે દશ મહિના અગાઉ અમદાવાદની યુવતીનાં ફુલહાર કરી લગ્ન થયાં હતાં. લગ્નના વહેવાર પેટે નક્કી થયા મુજબ યુવકે રૂ.૩.૨૫ લાખ આપ્યા હતા. પરંતુ, લગ્ન બાદ ચાર દિવસ સાસરીમાં રહીને પિયર ગયેલી પરીણિતા અને તેની માતા રફુચક્કર થઈ ગયાં હતાં. લગ્નના બહાને લાખોનો ચુનો ચોપડનાર પત્ની, સાસુ સહિત પાંચ સામે યુવકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.મહેસાણાના બલોલ ગામે બ્રાહ્મવાસમાં માતા અને ભાઈ સાથે રહેતા ૩૬ વર્ષિય મયુરકુમાર વિષ્ણુભાઈ પટેલ ઘરે જ સાડીનો વ્યવસાય કરે છે.

## સુરતમાં વીજલાઈનમાં ફસાયેલી દોરી લેવા જતાં કરંટથી કિશોરનું મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

સુરતમાં ઉત્તરાયણ પર્વ પૂર્વે વાલીઓને ચેતવણીરૂપ બનાવ બન્યો છે. સચિન વિસ્તારમાં હાઈટેન્શન લાઈનમાં વીજ કરંટ લાગવાથી ૧૩ વર્ષના કિશોરનું મોત થયું હતું. કિશોર પતંગ ઉડાવતી વખતે આ અકસ્માત થયો હતો. ઘટનાની માહિતી મળતાની સાથે જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી અને કેસની તપાસ શરૂ કરી હતી.મળતી માહિતી મુજબ સુરતના સચિન વિસ્તારની ગીતા નગર સોસાયટીમાં રહેતા ચૌધરી પરિવારનો ૧૩ વર્ષનો પુત્ર સોસાયટી પાસે પતંગ ઉડાવી રહ્યો હતો. પતંગ ઉડાવતી વખતે તેની દોરી નજીકથી પસાર થતી હાઈ ટેન્શન લાઈનમાં ફસાઈ ગઈ હતી. પતંગ છોડવાનો પ્રયાસ કરતી વખતે છોકરો થાંભલાની નજીક આવ્યો અને પછી તેને વીજ કરંટ લાગ્યો હતો. આ અકસ્માતમાં બાળક ગંભીર રીતે દાઝી જતાં તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ડૉક્ટરોએ ખૂબ પ્રયાસ કર્યા પરંતુ બીજા દિવસે સવારે બાળકનું મૃત્યુ થયું. મૃતકના પિતા દશરથ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગીતા નગર સોસાયટી નજીકથી હાઈ ટેન્શન લાઈન પસાર થાય છે જે તલંગપુર ગામથી હાઈવે પર જાય છે. તેમનો દીકરો પતંગ ઉડાવતી વખતે લાઈનમાં ફસાયેલી દોરી કાઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો, તે દરમિયાન આ અકસ્માત થયો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં મકરસંક્રાંતિનો તહેવાર પતંગ ઉડાડીને ઉજવવામાં આવે છે.



## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ‘સ્નેક રેસ્ક્યુ એપ’ લોન્ચ તેમજ ‘કરુણા અભિયાન’ પુસ્તકનું વિમોચન

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરુણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઇલ્ડ લાઇફ કેર સેન્ટરની મુલાકાત લીધી

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી - ૨૦૨૪ સુધી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા અને ઘાયલ પક્ષીઓની સારવાર માટે ચાલી રહેલા રાજ્યવ્યાપી કરૂણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં કાર્યરત વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત દરમિયાન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ વન્ય પ્રાણી ફોટોગ્રાફ એક્ઝિબિશનની પણ મુલાકાત લીધી હતી.

અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ’સ્નેક રેસ્ક્યુ એપ’ લૉન્ચ કરવામાં આવી હતી. આ સાથે મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યના વન વિભાગ દ્વારા ત્યાર કરવામાં આવેલું ‘કરુણા અભિયાન’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ ‘કરુણા અભિયાન -૨૦૨૫ સિગ્નેચર’ કેમ્પનમાં પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સના ડૉ એ.પી.સિંગએ કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ઉત્તરાયણ પર્વમાં ઘાયલ પક્ષીઓને બચાવવાનું આ અભૂતપૂર્વ અભિયાન છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં હજારો ઘાયલ પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા છે. તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન સુધી ચાલી રહેલા આ અભિયાનને સફળ બનાવવા પશુપાલન, વન વિભાગ, મહાનગરપાલિકાઓ અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સહભાગી બની છે.

મુખ્યમંત્રીશ્રીની આ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન જૈન, ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકારના સચિવ શ્રી સંદિપ કુમાર, અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી સુશ્રી પ્રવિણા ડી.કે, વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષક તેમજ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જયપાલ સિંગ, અમદાવાદના નાયબ વન સંરક્ષકશ્રી પ્રિયંકાબહેન ગેહલોત અને વન વિભાગના અન્ય અધિકારીઓ, કરુણા અભિયાન સાથે જોડાયેલી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગની દોરીથી કોઈ અબોલ પક્ષી-પશુ ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી- ૨૦૨૫ દરમ્યાન રાજ્યવ્યાપી કરૂણા અભિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશા-દર્શનમાં યોજાઈ રહ્યું છે. રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વોટ્સઅપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઈન જાહેર કરાયો છે. આ નંબર પર "Hi" મેસેજ કરવાથી એક લિંક મળશે, જેને ક્લીક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ પક્ષીઓનો જીવ બચાવી શકશે. કરુણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત છે. સાથે જ, પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. આ અભિયાન દરમિયાન રાજ્યભરના ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના ઉપરાંત ૫૮૭ જેટલા ફરતા પશુદવાખાના અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રહેશે. જ્યાં ઘાયલ પશુ-પક્ષીની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દવાઓનો સ્ટોક સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી આ કરુણાસભર પહેલના પરિણામે અનેક અબોલ પશુ-પક્ષીઓને નવજીવન મળ્યું છે. છેલ્લાં આઠ વર્ષમાં કરુણા અભિયાન અંતર્ગત રાજ્યભરમાં ૯૭,૨૦૦થી વધુ પશુ-પક્ષીઓને રેસ્ક્યુ કરાયા છે. જે પૈકીના ૩૧,૪૦૦થી વધુ પશુઓને તેમજ ૬૫,૭૦૦થી વધુ પક્ષીઓને યોગ્ય સારવાર આપવામાં આવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ૪૦ કરોડથી વધુ ભક્તો પવિત્ર સ્નાન કરશે એવો અંદાજ

# મહાકુંભ : અત્યાર સુધીમાં ૬૦ લાખ શ્રદ્ધાળુઓએ સંગમ કિનારે સ્નાન કર્યું

## રવિવારે મધ્યરાત્રિએ સંગમ ખાતે પોષ પૂર્ણિમાના દિવસે પ્રથમ ડૂબકી લગાવીને મહાકુંભની શરૂઆત થઈ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશના સંગમ શહેરમાં દિવ્ય અને ભવ્ય મહાકુંભ મેળો શરૂ થઈ ગયો છે. પોષ પૂર્ણિમા સાથે, ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આ વખતે મહાકુંભમાં ૪૦ કરોડથી વધુ ભક્તો ભાગ લે તેવી અપેક્ષા છે. મહાકુંભના પહેલા દિવસથી જ પ્રયાગરાજમાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. હજારો ભક્તો ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી રહ્યા છે. સવારે ૧૦ વાગ્યે મળતી માહિતી મુજબ અત્યાર સુધીમાં ૬૦ લાખ શ્રદ્ધાળુઓએ સંગમ કિનારે સ્નાન કર્યું છે. તે ગંગા, યમુના અને 'રહસ્યમય' સરસ્વતી નદીઓનો પવિત્ર સંગમ છે. ૧૪૪ વર્ષ પછી એક દુર્લભ સંયોગમાં, રવિવારે મધ્યરાત્રિએ સંગમ ખાતે પોષ પૂર્ણિમાના દિવસે પ્રથમ ડૂબકી લગાવીને મહાકુંભની શરૂઆત થઈ. ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમ કિનારે ૪૫ દિવસ સુધી વિરોધી વિચારો, મંતવ્યો, સંસ્કૃતિઓ અને પરંપરાઓનું ભવ્ય સંમેલન યોજાશે. આ અમૃતમય



મહાકુંભમાં દેશ અને દુનિયાભરના ૪૫ કરોડ ભક્તો, સંતો-ભક્તો, કલ્પવાસી અને મહેમાનો ડૂબકી લગાવશે એવો અંદાજ છે. મધ્યરાત્રિએ સંગમ ખાતે લાખો ભક્તોની ભીડ એકઠી થઈ. તલ મૂકવા માટે પણ જગ્યા બચી ન હતી. પોષ પૂર્ણિમાની પહેલી ડૂબકી મધ્યરાત્રિથી જ શરૂ થઈ ગઈ. આ સાથે, કલ્પવાસની શરૂઆત એક મહિના માટે યજ્ઞ વિધિઓથી પણ થઈ, જેમાં સંગમની રેતી પર જપ, ધ્યાન અને તપ માટે વેદીઓ શણગારવામાં આવી. સમુદ્ર મંથન દરમિયાન નીકળેલા ઘડામાંથી અમૃતના થોડા ટીપાં ટપકાવવાથી યુગો પહેલા શરૂ થયેલી કુંભ સ્નાનની પરંપરા આજથી શરૂ થઈ. આ વખતે મહાકુંભમાં ૧૮૩ દેશોના લોકો આવે તેવી અપેક્ષા છે. આ વિદેશી મહેમાનોના સ્વાગત અને આતિથ્ય માટે યોગી આદિત્યનાથ સરકાર દ્વારા ભવ્ય તૈયારીઓ કરવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સૂચિબદ્ધ મહાકુંભને વિશ્વ સમુદાય સમક્ષ અદ્ભુત રીતે રજૂ કરવા માંગે છે. મેળા વિસ્તારમાં દરરોજ ૮૦૦ થી વધુ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. પહેલી વાર, ૧૦ લાખ ચોરસ ફૂટમાં દિવાલો રંગવામાં આવી છે. માહિતી અનુસાર, કુંભનગરીમાં સેક્ટર-૧૮ પર મહત્તમ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અહીં એક ૐ ગેટ પણ બનાવવામાં આવ્યો છે. આ સ્થળે ૭૨ દેશોના ધ્વજ ફરકાવવામાં આવ્યા છે, જેમના પ્રતિનિધિઓ પણ મેળામાં ભાગ લેવા આવી રહ્યા છે. તે જ સમયે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતે તેમના સ્વાગત માટે તૈયારીઓ કરી લીધી છે. કુંભનગરીના દરેક સેક્ટરમાં કડક સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પોલીસ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા છે.

### કોઈને મોક્ષની આશા તો કોઈ આધ્યાત્મિક યાત્રા પર

આજે પોષ પૂનમના અવસરે મહાકુંભ ૨૦૨૫નો પ્રારંભ થઈ ગયો છે. મહાકુંભના પહેલા અમૃત સ્નાનમાં ભાગ લેવા માટે ભારત સહીત વિદેશી શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા છે. જેમાં રશિયા, બ્રાઝિલ, સાઉથ આફ્રિકા, ઇટલી, જર્મની, આર્જેન્ટીના સહીત અનેક દેશોના ભક્તોએ 'હર હર ગંગે'ના નાદ સાથે ત્રિવેણીમાં ડૂબકી લગાવી હતી. ઠંડીના વાતાવરણમાં પાણી થીજી જવા છતાં વિદેશી ભક્તોએ ત્રિવેણીમાં સ્નાન કર્યું હતું. ત્રિવેણી સંગમમાં મુક્તિની શોધમાં પહેલીવાર ભારત આવેલા બ્રાઝિલના ભક્ત ફ્રાન્સિસ્કોએ કહ્યું કે, 'પ્રથમ અમૃત સ્નાનમાં ભાગ લેવો એ એક અદ્ભુત અનુભૂતિ છે. હું પહેલીવાર ભારત આવ્યો છું, હું યોગાભ્યાસ કરું છું અને મુક્તિની શોધમાં છું. અહીં હોવું અદ્ભુત લાગે છે. ભારત વિશ્વનું આધ્યાત્મિક હૃદય છે. ગંગાનું પાણી ખૂબ ઠંડું હતું પરંતુ ડૂબકી માર્યા પછી મારું હૃદય હૂંફથી ભરાઈ ગયું.' સ્પેનથી આવેલા અન્ય એક ભક્તે કહ્યું કે, 'હું ગંગામાં ડુબકી લગાવ્યા પછી ખૂબ જ ભાગ્યશાળી અનુભવું છું. અમારે અહીં સ્પેન, બ્રાઝિલ, પોર્ટુગલના ઘણા મિત્રો છે. અમે આધ્યાત્મિક યાત્રા પર છીએ.' અન્ય ભક્ત, મૂળ મૈસૂરના અને જર્મન નાગરિક જીતેશ પ્રભાકર પણ વહેલી સવારે તેમની જર્મન પત્ની સાસ્કિયા નોફ અને નવજાત બાળક આદિત્ય સાથે નહાવા માટે મેળામાં પહોંચી ગયા હતા. તેમણે કહ્યું હતું કે, 'હું ભારતમાં રહું કે વિદેશમાં રહું તેનાથી કોઈ ફરક પડતો નથી. ખરી વાત એ છે કે પોતાના દેશ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવું જોઈએ. હું દરરોજ યોગાસન કરું છું. દરેક વ્યક્તિએ પોતાની જમીન અને સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવું જોઈએ અને હંમેશા પોતાની અંદર યાત્રા કરવાનો પ્રયાસ કરવો જોઈએ.' દક્ષિણ આફ્રિકાના કેપટાઉનથી પ્રયાગરાજ આવેલા એક ભક્તે કહ્યું, 'તે ખૂબ જ સુંદર છે. અહીંના રસ્તા સ્વચ્છ છે, લોકો ખૂબ મૈત્રીપૂર્ણ અને ખુશ છે. અમે સનાતન ધર્મનું પાલન કરીએ છીએ.

## ફાઇટર જેટ, સબમરીન, હેલિકોપ્ટર આવશે ભારત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

નવા વર્ષમાં સરકાર ભારતીય સશસ્ત્ર દળોને મજબૂત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ સંરક્ષણ ડીલ કરવા જઈ રહી છે. સશસ્ત્ર દળોની પ્રહાર ક્ષમતાને વધારવાની લાંબા ગાળાની યોજનાના ભાગરૂપે, તે ૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષ પહેલા ફાઇટર એરક્રાફ્ટ, સબમરીન, હેલિકોપ્ટર અને આર્ટિલરી માટે ઓછામાં ઓછા ચાર મોટી ડિફેન્સ ડીલ સાઈન કરશે. જેની કુલ કિંમત ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ભારત ટૂંક સમયમાં ફ્રાન્સ સાથે ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટ માટે લગભગ ૬૩,૦૦૦ કરોડ રૂપિયાની ડીલ સાઈન કરશે. જેને એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંતના ડેક પર તૈનાત કરવામાં આવશે. આ સીલમાં ૨૨ સિંગલ-સીટ મેરીટાઈમ જેટ અને નેવીના ચાર ટ્વીન-સીટ ટ્રેનર્સ તેમજ પાંચ વર્ષ માટે હથિયારો, સિમ્યુલેટર, ટ્રેનિંગ અને લોજિસ્ટિક્સ સપોર્ટ તેમજ ૩૬ રાફેલના સ્પેરપાર્ટ્સનો સમાવેશ થાય છે. આ ડીલ અંગે કેબિનેટ સમિતિની અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી છે. પીએમ મોદી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટ માટે ૧૧ અને ૧૨ ફેબ્રુઆરીએ ફ્રાન્સ જવાના છે. આ દરમિયાન તેઓ ફ્રાન્સ સાથે ૩૮,૦૦૦ કરોડ રૂપિયાના અન્ય કરાર પર હસ્તાક્ષર કરશે. આ કરારમાં ભારત લાંબા સમય સુધી પાણીની અંદર રહેવા માટે ત્રણ વધારાની સ્કોર્પિન ડીઝલ-ઈલેક્ટ્રિક સબમરીન એર-ઈન્ડિપેન્ડન્ટ પ્રોપલ્શન (AIP) હસ્તગત કરશે. તેનું નિર્માણ મુંબઈમાં મઝગાંવ ડોક્સ ખાતે કરવામાં આવશે.

## હાઈકોર્ટે દિલ્હી સરકારની ઈમાનદારી પર શંકા વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની વચ્ચે હાઈકોર્ટે આમ આદમી પાર્ટી સરકાર પર મહત્ત્વની ટિપ્પણી કરી છે. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (CAG)ના ૧૪ રિપોર્ટ વિધાનસભામાં રજૂ ન કરવાને લઈને હાઈકોર્ટે સરકારની ઈમાનદારી પર શંકા વ્યક્ત કરી છે. કોર્ટે આ ટિપ્પણી એવા સમયે કરી છે જ્યારે મીડિયામાં સીએજીના બે રિપોર્ટ લીક થઈ ગયા છે. જેમાં સીએમના બંગલા પર ખોટી રીતે કરોડો રૂપિયાનો ખર્ચ અને એક્સાઈઝ પોલિસીથી સરકારી ખજાનાને ૨૦૦૦ કરોડ રૂપિયાથી વધુ નુકસાનનો દાવો કરવામાં આવ્યો છે. જસ્ટિસ સચિન દત્તાની બેન્ચે સીએજી રિપોર્ટને લઈને દિલ્હી સરકાર પર સવાલ ઊભા કર્યા. હાઈકોર્ટે સીએજી રિપોર્ટ પર વિચાર કરવામાં મોડાઈ માટે દિલ્હી સરકારની ટીકા કરતાં કહ્યું, 'જે રીતે તમે પીછેહઠ કરી છે, તેનાથી તમારી ઈમાનદારી પર શંકા ઊભી થાય છે. તમારે રિપોર્ટને તાત્કાલિક સ્પીકરને મોકલવો જોઈતો હતો અને ગૃહમાં ચર્ચા શરૂ કરવાની હતી. ટાઈમલાઈન એકદમ સ્પષ્ટ છે. તમે વિધાનસભા સત્ર બોલાવવામાં પીછેહઠ કરી. એલજીની પાસે રિપોર્ટ મોકલવા અને આ મુદ્દે મોડાઈથી તમારી ઈમાનદારી પર શંકા થાય છે. દિલ્હી સરકારે રિપોર્ટ્સને સ્પીકરની પાસે મોકલવામાં સક્રિયતા બતાવવી જોઈતી હતી. જવાબમાં દિલ્હી સરકારે સવાલ કર્યો કે 'ચૂંટણીની નજીક વિધાનસભા સત્ર કેવી રીતે હોઈ શકે.' ગત સુનાવણી પર દિલ્હી વિધાનસભાના સચિવાલયે કોર્ટને જણાવ્યું હતું કે 'સીએજી રિપોર્ટને વિધાનસભામાં રજૂ કરવાથી હેતું પૂરો થતો નથી કેમ કે કાર્યકાળ ફેબ્રુઆરીમાં પૂરો થઈ રહ્યો છે.

### દર્શન કરવા આવેલા હજારો ભક્તો કટરામાં ફસાયા

# વૈષ્ણોદેવી જવાનો પ્લાન કરનારા સાવધાન, યાત્રા રદ્દ કરો નહીંતર પસ્તાવું પડી શકે છે

### વાસ્તવમાં કટરાથી ચાલતી તેની લગભગ તમામ ટ્રેનો ૮ થી ૧૫ જાન્યુઆરી સુધી રદ કરવામાં આવી છે

। (એજન્સી) કટરા, તા.૧૩ ।

જો તમે પણ મા વૈષ્ણોદેવીના દર્શન કરવા માટે કટરા જવાનું વિચારી રહ્યા છો, તો મહેરબાની કરીને રાહ જુઓ. ત્યાં જતા પહેલા કટરાના નવીનતમ અપડેટ્સ ચોક્કસપણે જાણી લો. એવું બને કે હજારો ભક્તોની જેમ તમે પણ મોટી મુશ્કેલીમાં ફસાઈ જાઓ. કારણ કે આ સમયે સર્વત્ર હોબાળો મચ્યો છે. હાલમાં મા વૈષ્ણો દેવીના દર્શન કરવા આવેલા હજારો ભક્તો કટરામાં ફસાયેલા છે. હાલમાં, તેમની પાસે ન તો પોતાને ખવડાવવા માટે વધુ પૈસા બચ્યા છે અને ન તો શિયાળાની ઠંડીમાં માથું



છુપાવવા માટે કોઈ આશ્રય છે. યાત્રાળુઓની ફરિયાદ છે કે મોબાઈલ સિગ્નલ પણ મળતા નથી જેને કારણે તેઓ તેના પ્રિયજનોને પણ તેની પીડા વ્યક્ત કરી શકતા નથી અને, આ બધાનું કારણ ભારતીય રેલવે છે. વાસ્તવમાં કટરાથી ચાલતી તેની લગભગ તમામ ટ્રેનો ૮ થી ૧૫ જાન્યુઆરી સુધી રદ કરવામાં આવી છે. આ પછી ટ્રેનોનું સંચાલન શરૂ થશે કે કેમ તે અંગે હજુ પણ શંકા છે. આ ટ્રેનો રદ થવાની માહિતી શ્રદ્ધાળુઓ સુધી પહોંચી ત્યાં સુધીમાં તેઓ તેમના પરિવાર સાથે રેલવે સ્ટેશન પર પહોંચી ગયા હતા. ભારતીય રેલ્વેએ આ ટ્રેનોને રદ કરવાની માહિતી મુસાફરોને મોકલી હોવા છતાં, જમ્મુ-કાશ્મીરમાં પ્રી-પેઈડ સિમ બંધ થવાને કારણે આ માહિતી શ્રદ્ધાળુઓ સુધી પહોંચી શકી નથી. જ્યારે શ્રદ્ધાળુઓએ જમ્મુથી ટ્રેન પકડવાનું વિચાર્યું, ત્યારે તેમને ખબર પડી કે ત્યાંથી પણ મોટાભાગની ટ્રેનો રદ કરવામાં આવી છે. જે ટ્રેનો દોડી રહી છે તે સંપૂર્ણ રીતે ભરાઈ ગઈ છે. લાંબા સંઘર્ષ પછી, તે જાણવા મળ્યું કે પઠાણકોટ પહેલાં કોઈ ટ્રેન વિકલ્પ ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં પરિવાર સાથે પહેલા પઠાણકોટ જવું અને પછી ત્યાંથી ટ્રેન પકડવી એ કોઈ માટે સરળ નહોતું. દરમિયાન, જેમણે આગળની વૈકલ્પિક વ્યવસ્થા ન થાય ત્યાં સુધી હોટલમાં જ રોકાવાનું નક્કી કર્યું, તેમના માટે નવી સમસ્યા ઊભી થઈ. મોટાભાગની હોટેલોએ બુકિંગ ફુલ હોવાનું કહીને રૂમ આપવાનો ઈન્કાર કરી દીધો હતો.

### મોહમ્મદપુરનું નામ મોહનપુર કરાયું

## મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે ૧૧ ગામના નામ બદલ્યા

। (એજન્સી) ભોપાલ, તા.૧૩ ।

નવા વર્ષની શરૂઆતમાં જ એટલે કે ૫ જાન્યુઆરીએ મધ્યપ્રદેશમાં ત્રણ પંચાયતોના નામ બદલવામાં આવ્યા હતા. હવે ફરી ૧૨ જાન્યુઆરીએ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ.મોહન યાદવે ૧૧ ગામોના નામ બદલવાની જાહેરાત કરી છે. આ વખતે, શાજાપુર જિલ્લાના કાલાપીપલમાં જનતાને સંબોધિત કરતી વખતે આ જાહેરાત કરવામાં આવી હતી. સીએમએ કહ્યું કે નિપાનિયા હિસામુદ્દીનનું નામ બદલીને નિપાનિયા દેવ કર્યું, ધબલા હુસૈનપુર નામ ધબલા રામ, મોહમ્મદપુર પાવડિયાને રામપુર પાવડિયા તરીકે, ખજુરી અલ્લાહદાદને ખજુરી રામ તરીકે ઓળખવામાં આવશે. તેમજ હાજીપુરને હીરાપુર, મોહમ્મદપુર મચ્છનાઈને મોહનપુર, રિછરી મુરાદાબાદને રિછરી, ખલીલપુર (ગ્રામ પંચાયત સિલુંડા)ને



રામપુર, અંછોડને ઉંચાવડ, ઘટ્ટી મુખત્યારપુરને ઘટ્ટી અને શેખપુર બોંગીને અવધપુરી કહેવામાં આવશે. સીએમ મોહન યાદવએ કહ્યું કે, ધારાસભ્યના કહેવા પ્રમાણે કેટલાક ગામોના નામ અટકી રહ્યા છે અને ખટકે છે. હું કંઈ ખોટું નથી કરી રહ્યો. કારણ કે મોહમ્મદપુર મચ્છનાઈમાં કોઈ મોહમ્મદ જ નથી તો આવું નામ શા માટે! ત્યાં કોઈ મુસ્લિમ ભાઈઓ હોય તો આ નામ રાખો, જો છે જ નહિ તો ધારાસભ્યના કહેવા પ્રમાણે નામ બદલીને મોહનપુર કર્યું છે.

### સાધુ-સંતોએ હિન્દુ વિરોધી નેતાનો વિરોધ કર્યો

## મહાકુંભમાં મુલાયમ સિંહની પ્રતિમા મૂકાતાં વિવાદ સર્જાયો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૩ ।

સંગમ નગરી પ્રયાગરાજમાં આજથી શરૂ થયેલા મહાકુંભ મેળામાં બનાવવામાં આવેલા એક કેમ્પમાં સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવની પ્રતિમા મૂકાતાં વિવાદ સર્જાયો છે. અખિલ ભારતીય અખાડા પરિષદ સહિત અન્ય સંતોએ આ પ્રતિમાનો વિરોધ કરતાં કહ્યું છે કે, 'હિન્દુઓની પવિત્ર આસ્થાના આ પર્વમાં હિન્દુ વિરોધી નેતાની પ્રતિમા હિન્દુઓનું અપમાન કરી રહી છે.' પ્રતિમાની સ્થાપના પર અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત રવિન્દ્ર પુરીએ જણાવ્યું કે, 'મુલાયમ સિંહ યાદવ હિન્દુ વિરોધી અને સનાતન વિરોધી વિચારધારા ધરાવે છે. મુલાયમ સિંહ યાદવની પ્રતિમા સ્થાપિત કરવાનો ઉદ્દેશ અમને એ ઘટના યાદ અપનાવવાનો છે કે, જેમાં તેમના લોકોએ હિન્દુઓની હત્યા કરી હતી.' વધુમાં મહંતે જણાવ્યું હતું કે,



'અમને મુલાયમ સિંહ સાથે કોઈ વાંધો નથી. તે અમારા મુખ્યમંત્રી રહ્યા ચૂક્યા છે. પરંતુ આ પ્રતિમા સ્થાપિત કરીને તેઓ શું સંદેશ આપવા માગે છે. બધા જાણે છે કે, રામ મંદિર આંદોલનમાં તેમણે શું કર્યું હતું. તે હંમેશાથી હિન્દુ વિરોધી, સનાતન વિરોધી અને મુસલમાનોના હિતેચ્છી રહ્યા છે.' જૂના અખાડાના મહામંડલેશ્વર યતિ નરસિંહાનંદે પણ મહંત રવિન્દ્ર પુરીના નિવેદનને સમર્થન આપ્યું હતું. આજથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં આજે વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે.

### IITના વિદ્યાર્થીનો આપઘાત!

## દીકરાને ભોજન આપવા પહોંચેલા માતા અને પિતાને હોસ્ટેલમાં લટકતી લાશ મળી

। (એજન્સી) ખડગપુર, તા.૧૩ ।

IIT-ખડગપુરમાં અભ્યાસ કરતા ૨૧ વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. વિદ્યાર્થિ રવિવારે તેના હોસ્ટેલના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે આપેલી માહિતી અનુસાર વિદ્યાર્થી શૌન મલિક IIT-ખડગપુરના આઝાદ હોલના રૂમ નંબર ૩૦૨માં રહેતો હતો અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ખડગપુરમાં ૨૧ વર્ષીય વિદ્યાર્થીનું મૃત્યુ થયું છે. મૃત્યુનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હોવાની આશંકા છે. મળતી માહિતી અનુસાર, કોલકાતાથી આવેલા વિદ્યાર્થીના માતા-પિતાએ જ્યારે વિદ્યાર્થીના હોસ્ટેલનો રૂમ ખોલ્યો તો તેમને રૂમમાં તેમના પુત્રનો મૃતદેહ લટકતો જોવા મળ્યો. પોલીસે મૃતદેહને કબજે કરીને પોસ્ટમોર્ટમ માટે મેદિનીપુર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. તેમજ પોલીસ ટીમે કેસની તપાસ શરૂ કરી છે. શૌન મલિક કોલકાતાનો રહેવાસી હતો. તે IIT ખડગપુરના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. રવિવારે કોલકાતાથી તેના માતા-પિતા તેને મળવા આવ્યા હતા. જ્યારે તેના માતા-પિતાએ હોસ્ટેલના રૂમનો દરવાજો ખોલ્યો તો તેણે તેના પુત્રની લાશ લટકતી જોઈ. પોતાના પુત્રને આ હાલતમાં જોઈને તેણે ચીસો પાડવાનું શરૂ કર્યું, જેના પછી આઈઆઈટીના સિક્યોરિટી ગાર્ડ દોડી આવ્યા અને પોલીસને જાણ કરવામાં આવી. આ અંગે IIT ખડગપુરના ડાયરેક્ટર અમિત પાત્રાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું, આ પગલું ભરવાનું કારણ હજુ સુધી સ્પષ્ટ નથી. કારણ કે અમને કોઈ સુસાઈડ નોટ મળી નથી. IIT ખડગપુરના ડાયરેક્ટરે વધુમાં કહ્યું કે, વિદ્યાર્થીના માતા-પિતા તેને દર રવિવારે તેને મળવા આવે છે, આ રવિવારે પણ તેઓ ભોજન લઈને તેને મળવા આવ્યા હતા અને તેમણે હોસ્ટેલમાં દીકરાની લટકતી લાશ જોઈ. છોકરો અભ્યાસમાં ખૂબ જ સારો હતો. રૂમમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ પણ મળી ન હતી. તેમજ શૌનને તેના શિક્ષકો સાથે પણ સારા સંબંધો હતા. થોડા દિવસો પહેલા એક લેબ આસિસ્ટન્ટનું મૃત્યુ થયું હતું. પરંતુ આને તેની સાથે કોઈ સંબંધ નથી. ઘણા લોકોએ IIT ખડગપુરમાં આ પહેલા પણ ઘણા વિદ્યાર્થીઓએ આપઘાત કરેલા છે.



નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી અને ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં આયુષ્માન ભારત PM-JAYના અમલીકરણ પર NHA, MoHFW અને ઓડિશા સરકાર વચ્ચેના એમઓયુ પર હસ્તાક્ષર સમારોહમાં દીપ પ્રગટાવ્યું.

## એરપોર્ટ પર ક્રિકેટર અભિષેક શર્મા સાથે દુર્વ્યવહાર કરાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય ક્રિકેટર અભિષેક શર્મા સાથે એરલાઈન્સના સ્ટાફ દ્વારા દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. જેના કારણે તે પોતાની ફ્લાઈટ ચૂકી ગયો હતો. અભિષેકે ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી પોસ્ટ કરીને આ અંગે માહિતી શેર કરી હતી. અભિષેકને તાજેતરમાં ઈંગ્લેન્ડ સામે રમાનારી પાંચ મેચની T20 સીરિઝ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો હતો. અભિષેક રજાઓ માણવા જઈ રહ્યો હતો પરંતુ દિલ્હી એરપોર્ટ પર તે ફ્લાઈટ ચૂકી ગયો હતો. અભિષેકે આ માટે એરલાઈન્સના સ્ટાફને જવાબદાર ઠેરવ્યો છે. અભિષેકે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરી એરલાઈન્સની ટીકા કરતા લખ્યું હતું કે, દિલ્હી એરપોર્ટ પર એરલાઈન્સ સાથે મને સૌથી ખરાબ અનુભવ થયો હતો. સ્ટાફનું વર્તન પણ ખૂબ જ નિરાશાજનક હતું, ખાસ કરીને કાઉન્ટર મેનેજરનું વર્તન ઘણું ખરાબ હતું. હું સમયસર એરપોર્ટ પહોંચી ગયો હતો અને પછી હું સાચા કાઉન્ટર પર ગયો પરંતુ ત્યારે તેમણે મને કોઈ કારણ વગર બીજા કાઉન્ટર પર મોકલી દીધો હતો. બીજા કાઉન્ટર પર મને કહેવામાં આવ્યું કે, અહીં હવે ચેક-ઈન બંધ થઈ ગયું છે અને તેથી જ હું મારી ફ્લાઈટ પકડી શક્યો નહીં. મારી પાસે માત્ર એક જ રજા હતી જે હવે સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ છે. તેનાથી પણ ખરાબ વાત તો એ છે કે તેમણે મને કોઈ મદદ પણ કરી ન હતી.

## તંત્રી લેખ...

# કેટલોક જથ્થો શહેરના ગેસ વિતરણ એકમોમાં ટ્રાન્સફર

સરકારે શહેરની ગેસ વિતરણ કંપનીઓ ઈન્દ્રપ્રસ્થ ગેસ લિ. (IGL), અદાણી ટોટલ અને મહાનગર ગેસ લિ. ને (MGL) સસ્તા ગેસના પુરવઠામાં વધારો કર્યો છે. સસ્તા ગેસના સપ્લાયમાં વધારાને કારણે સીએનજીના ભાવમાં વધારો થવાનો ખતરો હાલ પૂરતો ટળી ગયો છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૪માં સરકારે આ કંપનીઓને ગેસ ફાળવણીમાં ઘટાડો કર્યો હતો. ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૪માં, સરકારે મર્યાદિત ઉત્પાદનને ધ્યાનમાં રાખીને સિટી ગેસ રિટેલર્સને છઁસ ગેસ (મુંબઈ હાઈ અને બંગાળની ખાડી જેવા જૂના ક્ષેત્રોમાંથી સસ્તો કુદરતી ગેસ)નો પુરવઠો ૪૦ ટકા ઘટાડી દીધો હતો. સરકાર દ્વારા કંપનીઓને સસ્તા ગેસનો પુરવઠો ઘટાડવાના કારણે શહેરી ગેસ વિતરણ વિક્રેતાઓએ સીએનજીના ભાવમાં પ્રતિ કિલો બે-ત્રણ રૂપિયાનો વધારો કર્યો હતો. તેનું કારણ એ છે કે આ કંપનીઓને ઊંચી કિંમતનું ઈંધણ ખરીદવું પડ્યું હતું. આનાથી ડીઝલ જેવા વૈકલ્પિક ઈંધણની સરખામણીમાં CNG ઓછું આકર્ષક બન્યું છે. ત્યારબાદ, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના તેના આદેશ દ્વારા, જમીનની નીચે અને દરિયાની સપાટીથી નીચે ઉત્પાદિત ગેસની કેટલીક ફાળવણીને ફરીથી ગોઠવી છે. સરકારી કંપનીઓના પુરવઠામાં ઘટાડો- મંત્રાલયે જાહેર ક્ષેત્રની ગેઈલ અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને એલપીજી ઉત્પાદન માટે સપ્લાય ઘટાડવાનો આદેશ આપ્યો છે અને તેનો કેટલોક જથ્થો શહેરના ગેસ વિતરણ એકમોમાં ટ્રાન્સફર કર્યો છે. પીટીઆઈ-ભાષાએ આ ઓર્ડર જોયો છે. આ મુજબ, એલપીજી ઉત્પાદન માટે દરરોજ કુલ ૨૫૫ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર ગેસનો ઉપયોગ થાય છે.

## ભારતની નવીકરણીય ઉર્જા ક્ષમતામાં વાર્ષિક ૧૫.૮૪%નો વધારો

સૌર અને પવન ઊર્જામાં રેકોર્ડ ક્ષમતા વધારો; સૌર ઊર્જા ૯૭.૮૬ ગીગાવોટ, પવન ઊર્જા ૪૮.૧૬ ગીગાવોટ, કુલ નવીકરણીય ઉર્જા સ્થાપિત ક્ષમતા ૨૦૯.૪૪ ગીગાવોટ સુધી પહોંચી, કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય (MNRE) એ ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે, જેમાં ડિસેમ્બર ૨૦૨૩ અને ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે નોંધપાત્ર સિદ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વૃદ્ધિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા 'પંચામૃત' લક્ષ્યો હેઠળ પોતાની સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટેની ભારતની અડગ પ્રતિબદ્ધતા અને તેના વ્યાપક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. રેકોર્ડ ક્ષમતામાં વધારો, ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં, ભારતની કુલ અક્ષય ઊર્જા સ્થાપિત ક્ષમતા ૨૦૯.૪૪ ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે, જે ડિસેમ્બર ૨૦૨૩માં ૧૮૦.૮૦ ગીગાવોટની તુલનામાં ૧૫.૮૪%ના પ્રભાવશાળી વધારાને દર્શાવે છે. ૨૦૨૪ દરમિયાન કુલ ક્ષમતા ૨૮.૬૪ ગીગાવોટ હતી, જે ૨૦૨૩માં ઉમેરાયેલા ૧૩.૦૫ ગીગાવોટની સરખામણીમાં ૧૧૯.૪૬%નો મહત્વપૂર્ણ વાર્ષિક ધોરણે નોંધપાત્ર વધારો દર્શાવે છે. સૌર અને પવન ઉર્જામાં ઉછાળો, ૨૦૨૪માં સૌર ઉર્જાએ ૨૪.૫૧ ગીગાવોટના વધારા સાથે આ વૃદ્ધિનું નેતૃત્વ કર્યું, જે ૨૦૨૩માં ૭૩.૩૨ ગીગાવોટથી ૨૦૨૪માં ૯૭.૮૬ ગીગાવોટ સુધીની સંચિત સ્થાપિત ક્ષમતામા ૩૩.૪૭%નો વધારો દર્શાવે છે. પવન ઉર્જાએ પણ આ વિસ્તરણમાં ફાળો આપ્યો, ૨૦૨૪માં વધારાના ૩.૪૨ ગીગાવોટ સ્થાપિત કરવાની સાથે કુલ પવન ક્ષમતા ૪૮.૧૬ ગીગાવોટ થઈ, જે ૨૦૨૩થી ૭.૬૪%ની વૃદ્ધિ દર્શાવે છે. બાયોએનર્જી અને સ્મોલ હાઈડ્રો પાવરમાં વૃદ્ધિ, બાયોએનર્જીએ નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે, તેની સ્થાપિત ક્ષમતા ડિસેમ્બર ૨૦૨૩માં ૧૦.૮૪ ગીગાવોટથી વધીને ડિસેમ્બર ૨૦૨૪માં ૧૧.૩૫ ગીગાવોટ થઈ છે, જે ૪.૭૦%નો વધારો દર્શાવે છે. નાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સમાં વૃદ્ધિ જોવા મળી છે, જેમાં સ્થાપિત ક્ષમતા ૨૦૨૩માં ૪.૯૯ ગીગાવોટથી વધીને ૨૦૨૪માં ૫.૧૦ ગીગાવોટ થઈ છે, જે ૨.૨૦%નો વધારો દર્શાવે છે. કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી શ્રી પ્રહલાદ જોશીના નેતૃત્વ હેઠળ સ્દ્રઈઈ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નવીનીકરણીય ઉર્જાના વિઝનને પ્રાપ્ત કરવા માટે વિવિધ મુખ્ય પહેલ કરી રહ્યું છે, જે ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવતી વખતે પોતાની જળવાયુ પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ પ્રભાવશાળી આંકડા ભારતમાં નવીનીકરણીય ઉર્જા ક્ષમતા વધારવા માટે ભારત સરકારના સતત પ્રયાસોને રેખાંકિત કરે છે. ભારતનો આર્થિક વિકાસ અને વિકાસ માટે ઊર્જાની જરૂરિયાત સતત વધતી રહી છે. આ પૃષ્ઠભૂમિ પર, ભારત સરકારે નવીકરણીય ઊર્જા સ્રોતોની શક્યતાઓનો વિસ્તાર કરવાનો મક્કો ઈરાદો કર્યો છે. ભારતમાં હવે ૨૦૨૪ માં સૌર, પવન, બાયોએનર્જી અને હાઈડ્રો પાવર જેવી નવીકરણીય ઊર્જા ક્ષમતાઓમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. કુલ નવીકરણીય ઊર્જા ક્ષમતાઃ ૨૦૨૪ સુધીમાં ભારતની કુલ નવીકરણીય ઊર્જા ક્ષમતા ૨૦૯.૪૪ ગીગાવોટ પહોંચવા માંડી છે, જે ૨૦૨૩માં ૧૮૦.૮૦ ગીગાવોટ હતી. આ ૧૫.૮૪% નો વધારો દર્શાવે છે. સૌર અને પવન ઊર્જાનું નેતૃત્વઃ સૌર ઊર્જાઃ ૨૦૨૪માં સૌર ઊર્જાની સંચાલિત ક્ષમતા ૯૭.૮૬ ગીગાવોટ સુધી પહોંચી ગઈ છે, જેમાં ૨૪.૫૧ ગીગાવોટનો વધારો નોંધાયો છે. ૨૦૨૩ના ૭૩.૩૨ ગીગાવોટ સાથે સરખામણી કરતાં, સૌર ઊર્જાની વૃદ્ધિ ૩૩.૪૭% નોંધાઈ છે. પવન ઊર્જાઃ પવન ઊર્જામાં ૨૦૨૪ દરમિયાન ૩.૪૨ ગીગાવોટનો વધારો થયો, અને હવે કુલ પવન ક્ષમતા ૪૮.૧૬ ગીગાવોટ છે. આ ૭.૬૪%નો વધારો દર્શાવે છે. બાયોએનર્જી અને સ્મોલ હાઈડ્રો પાવરઃ બાયોએનર્જીઃ ૨૦૨૪માં બાયોએનર્જીની સંચાલિત ક્ષમતા ૧૧.૩૫ ગીગાવોટ સુધી પહોંચી છે, જે ૨૦૨૩માં ૧૦.૮૪ ગીગાવોટ હતી. આ ૪.૭૦%નો વધારો દર્શાવે છે. સ્મોલ હાઈડ્રો પાવરઃ નાના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ્સમાં ૨૦૨૪માં ૦.૧૧ ગીગાવોટનો વધારો થયો, અને હાલ કુલ ૫.૧૦ ગીગાવોટના સ્તરે છે. ભારતના ૨૦૩૦ ઉદ્દેશોઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નવીકરણીય ઊર્જા નિર્માણની યોજના હેઠળ, ભારતે નવીકરણીય ઊર્જા ક્ષેત્રે મજબૂતી સાથે પ્રગતિ કરી છે. આ ઉદ્દેશ્ય ભારતની ઊર્જા સુરક્ષા અને પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ છે. વિશ્વાસ અને મક્કો પ્રતિબદ્ધતાઃ ભારતમાં નવીકરણીય ઊર્જાની ક્ષમતા વધારવાના ઉદ્દેશ સાથે, કેન્દ્ર સરકારના સ્દ્રઈઈ દ્વારા અનેક પહેલો અમલમાં મુકવામાં આવી રહી છે. એથી, ભારત પોતાના પર્યાવરણ અને આર્થિક લક્ષ્યો માટે સફળતાપૂર્વક પ્રગતિ કરી રહ્યું છે.

**સામાન્ય કદ કાઠી ધરાવતા લોકો ઈચ્છે તો પણ અમુક પરિશ્રમ ના કાર્ય કરી શકે નહીં અને એમાં પણ ઉંમર વધું હોય એને તો વિચારીને પણ થાક લાગે**

# માત્ર મકર સંક્રાંતિ એ જ માનવતા દાખવવી! એ સનાતની હિંદુનાં મૂળ સંસ્કાર નથી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મિત્રો આજે મકરસંક્રાંતિનો તહેવાર છે, અને બધાએ ખૂબ દાન ધર્મ કર્યા હશે! ત્યારે આપણને વિચાર આવે કે શું માત્ર મકરસંક્રાંતિ એ જ માનવતા? સમાજમાં વિધવિધ પ્રકારનાં લોકો વસે છે કોઈ સંસ્કૃતિ સમજી તહેવાર ઉજવે, કોઈ ડરીને દાન ધર્મ કરે તો કોઈ સાવ નિરસ પણ સાંપ્રત સમયમાં લોકો તહેવાર ને પણ ફેશન પરેડ જેમ ઉજવતા થયાં છે.**

સ્થૂળ માનવ શરીરની અમુક મર્યાદા છે! અને અમુક પ્રાથમિક જરૂરિયાતો ખરી! સામાન્ય કદ કાઠી ધરાવતા લોકો ઈચ્છે તો પણ અમુક પરિશ્રમ ના કાર્ય કરી શકે નહીં અને એમાં પણ ઉંમર વધું હોય એને તો વિચારીને પણ થાક લાગે. પણ ઉંમર વધે એમ માનવીય માનસિકતા બદલાય અને જો આપણે સજાગ ન રહીએ તો જીવન નિરસ બની શકે! ઘણા લોકો જીવનમાં છેક સુધી એવાને એવા જ જોવા મળે છે, જ્યારે અમુક લોકો તો ઉંમર પહેલાં જ હાથ ઉંચા કરી દે છે. એમાં પણ બાળકો સાથે રહેતા ન્હોય ત્યારે તો.. આવો જ એક કિસ્સો બોધકથામાં. મકરસંક્રાંતિનો તહેવાર હતો, બધાની અગાસીઓમાં ખૂબ મેળાવડાઓ હતા. છોકરાઓમાં "કાપ્યો છે" "કાપ્યો છે", એવી હર્ષોલ્લાસ પૂર્વકની કિકિયારીઓ થતી હતી. પણ મારી અગાસી સાવ સુમસામ હતી, ના કોઈ છોકરાઓ હતા, ન પતંગ ફીરકી હતી. પાંચ વર્ષ પહેલા અહીં પણ આવોજ માહોલ હતો, બંને છોકરાઓને ખૂબ જ શોખ હતો, અને શું કામ ન હોય નાનપણથી એ જ વારસો હતો, કે તહેવાર બધા જ ઉમંગ ઉલ્લાસ પૂર્વક ઉજવવાના. આગલા દિવસથી તૈયારીઓ થતી અગાસી ધોવાતી, તલ, મમરા, અને શિંગના લાડુ બનતા ખીચડો બનતો, શેરડી ઓ આવતી, પતંગને ફિરકી, દોરી પવાઈને આવી જતા, રાત્રે બેસીને કન્ની બંધાઈ જતી. અને સવારના પોરમાં છ વાગ્યાથી અગાસીમાં દીકરો પતંગ ચગાવવા પહોંચી જતો, પવનની દિશા હોય કે ન હોય, પણ મહા મહેનતે પતંગ તો ચગાવતો જ. નાનો હતો ત્યારે ફીરકી પકડવા પણ જવું પડતું. પછી તો તેની પણ ટેકનિકો ગોતી લીધી, નાનકડા ટેબલના બે પાયા વચ્ચે ફીરકી ગોઠવી દેતો, તો સ્પીકર લઈ જઈ અને સરસ ગીતોની ધૂન પણ વગાડતો. વિચારી રહી હતી કે આ બધા જ કારણો છે શું જીવનની નિરસતા





ના? કે કંઈ બીજું પણ... ઉંમરની વાસ્તવિકતા પણ સ્વીકારવી રહી. પંખી માળો તો બાંધે છે પણ બચ્ચા હોય ત્યાં સુધી જ માયા, મમતા રાખે છે,એ શીખી જવું જોઈએ. એટલી હદે તો નહીં પણ આ મમતા સમતામાં તો ચોક્કસ બદલવી જોઈએ. અને આમ જુઓ તો મેં રસ્તો પણ ગોતી લીધો હતો પર્યાવરણના દરેક અંગને પ્રેમ કરવો. અને આસપાસની પ્રકૃતિમાં વસતા દરેક ઘટકોને પણ પ્રેમ કરવો. આવી જ છે મારી એક દુનિયા. એમાં કાળી બિલાડી, લાલ કુતરી, ભોલી ગાય, અલબેલી કાબર, સોના ચકલી, અને શાણી ખિસકોલી. રાતો પોપટ, સુંદરી કોયલ. આ બધા જ મને અત્યંત પ્રિય હતાં, બિલકુલ મારા બાળકો જેટલા જ! અને બધાનું નામકરણ પણ મેં જ કરેલ. પ્રાણીઓ તો ઓળખાઈ જાય પણ પક્ષીઓમાં લગભગ સમાનતા હોય, એટલે તેને ઓળખવા માટે તેના શરીર પર નાના-નાના નિશાન પણ કરેલા. દરરોજ બધાને દાણા પાણી આપવા અને ફળિયામાં બેસી તેઓ સાથે સમય વ્યતીત કરવો. દરેકના મનમાં ભાષાની સમજવાનો પ્રયત્ન પણ કરવો. એક પણ દિવસ કોઈની ગેરહાજરી હોય તો મન વ્યથિત પણ થાય. આજે અગાસીમાં આવતાં પતંગને જોઈ પોતાના બાળકો તો યાદ આવ્યા, પણ આ બે જુબાન પક્ષીઓ તરફ પણ કરુણા થઈ. મારા પાલીતા એવા ચાર પક્ષીઓ સોના ચકલી અલબેલી કાબર અને રાતા પોપટ અને શાણી કોયલ તો જાણે મારી ભાષા સમજતા હોય એ રીતે, આ પાઠ અઠવાડિયાથી હું ભણાવતી હતી કે મકર સંક્રાંતિને દિવસે માળામાંથી બહુ બહાર નીકળતા નહીં, નહીં તો આ પતંગ રસિયાઓને કારણે ક્યાંક તમારી પાંખ કપાઈ જશે. અને ભોલી ગાયને વધુ પડતું ન ખાવું એવી સલાહ આપી હતી. એટલે તેઓના આવવાની તો આજે પ્રતીક્ષા પણ નહોતી, એટલે સુમસાન હદય એ હું મારી અટારીમાં આંટા મારતી હતી. થાકી જતાં આરામખુરશીમાં અગાસીમાં જ આંખો બંધ કરીને બેઠી હતી, ત્યાં એક પક્ષીનો અવાજ મારા કાનમાં આવ્યો. આજુબાજુ ઉપર-નીચે બધેજ જોયું કે ક્યાંક સોના ચકલી કે અલબેલી કાબર, તોફાની રાતો પોપટ અથવા સુદરી કોયલ તો નથી ને?? ત્યાં મારી નજર સામે ઝાડ આગળ પડી. અલબેલી કાબર જ ઘવાઈને નીચે પડી હતી. હું નીચે ઉતરી અને ઝડપથી તેની પાસે પહોંચી ગઈ. તાત્કાલિક તેને ઉપાડી અને તેનો ઘા સાફ કર્યો અને દવા વગેરે લગાડ્યું. તેને પણ જાણે મારા ખોળામાં આવીને હાશ થઈ ગઈ કે, હવે મને કંઈ જ નહીં થાય. બોલો હવે હું તેનો આ ભરોસો કેમ તોડી શકું. આમ જુઓ તો હું પણ રાજી થઈ કે, મારું એક સંતાન તો મારી પાસે આવ્યું. બહુ ઊંડો ઘા ન હતો એટલે તાત્કાલિક તે કલબલ કલબલ પણ કરવા લાગી, અને મારી એકલતાને તેણે આવી ખુશીથી ભરી દીધી. ઈશ્વરની કૃપા તો હંમેશા હોય છે, બસ આપણી દ્રષ્ટિ શું શોધે છે! તેની પર આધાર છે. દુઃખ શોધવું હોય તો દુઃખના તો અહીં ઢગલા છે, પણ ખુશી શોધવી હોય તો જરાક પ્રયત્ન કરવો પડે, અને દરેકે દરેકને સ્વીકારવા પડે તો અહીં ખુશી પણ અપાર છે. તેને સરખી રીતે પાછી તેના માળામાં ગોઠવી અને હું અંદર આવી અને બોર, શેરડી, જમરૂખ, શીંગ, તલ, મમરાના, લાડુ, વગેરે લઈ અને આજુબાજુના બાળકોમાં વહેંચણી કરી. મિત્રો આજે મકરસંક્રાંતિનો તહેવાર છે, અને બધાએ ખૂબ દાન ધર્મ કર્યા હશે! ત્યારે આપણને વિચાર આવે કે શું માત્ર મકરસંક્રાંતિ એ જ માનવતા? સમાજમાં વિધવિધ પ્રકારનાં લોકો વસે છે કોઈ સંસ્કૃતિ સમજી તહેવાર ઉજવે, કોઈ ડરીને દાન ધર્મ કરે તો કોઈ સાવ નિરસ પણ સાંપ્રત સમયમાં લોકો તહેવાર ને પણ ફેશન પરેડ જેમ ઉજવતા થયાં છે, અને એટલે સ્ટેટ્સ વધારવા કેટલુંય કરે! કોઈ તહેવારોમાં અમુક પ્રકારની છુટછાટ લઈ એ તો જ ઉત્સવ ઉજવ્યો કહેવાય! એટલે છીછરા પણું આચરે અને એમાંથી ધમાલ પણ થાય.મકરસંક્રાંતિ એ આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલો તહેવાર છે, એટલે એનો ઉત્સવ મનાવવાનો જ હોય, પણ પર્યાવરણમાં વસતા એ પક્ષીઓ અને પ્રાણીઓને ધ્યાનમાં રાખીને આપણી આ તહેવાર પ્રત્યેની લાગણીને બિલકુલ સ્પર્ધામાં તબદીલ કરવાની નથી. એટલે લાખો પતંગ ભલે કપાઈ જાય, પણ એક પશુ પક્ષી આપણી આ દોરીને કારણે હેરાન ના થાય તે ખાસ ધ્યાન રાખવું. તો ગાયોને ખવડાવવામાં પણ આજે રજા રાખવી. કારણ કે રોજ મકરસંક્રાંતિ છે એમ સમજી થોડું થોડું દેવું. દરેક મિત્રોને મકરસંક્રાંતિના આ તહેવારની ખૂબ ખૂબ વધાઈ.

**ભીષ્મના શરીર પરનું એક એક બાણ કૌરવોના એક એક દુષ્કૃત્યનું પ્રતીક છે, કૌરવો એ કરેલી ભૂલોને ભીષ્મએ બાણ રૂપે પોતાના પર લઈ લીધી જેથી કૌરવોને તકલીફ ના પડે**

# બાણ શય્યા ઉપર ૪૯ દિવસ સુધી સૂતેલા ગંગા પુત્ર ભીષ્મ પિતામહે મકરસંક્રાંતિના ઈચ્છા મૃત્યુથી પ્રાણ ત્યાગ કર્યો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભીષ્મ તો આજે ઉતારાયણે જતા રહ્યા પણ આપણે આપણા કુટુંબ પરિવારના ભિષ્મને ઓળખીને સાચવી લેવા નહીંતર કૌરવોની જેમ આપણું અસ્તિત્વ પણું ખતમ થઈ જશે, થોડી વાર આંખો બંધ કરીને વિચારો તમારી સમસ્યાઓને તમારા સુધીના પહોંચવા દેનાર એ કોણ છે? વિચારો કે તમારી ભૂલોને પોતાના માથે ઓઢી લેનાર એ કોણ છે વિચારો કે એવુ કોણ છે જેના કારણે તમને સુરક્ષાનો અનુભવ થાય છે?**

આજે ચૌદમી જાન્યુઆરી ૨૦૨૫ મંગળવારના દિવસને આપણે ઉત્તરાયણ પતંગોત્સવ મકર સંક્રાંતિના પાવન તહેવાર તરીકે ઉજવીશું.આ દિવસે જ મહાભારતના એક ખમતીધર પાત્ર આજે પણ દરેક સમાજ પરિવાર માં કોઈને કોઈ સ્વરૂપે છે તેવા ભીષ્મ પિતામહે પ્રાણત્યાગ કર્યા હતા. મહાભારત ના યુદ્ધ વખતે અર્જુનના બાણથી ઘવાયેલા ભિષ્મએ તત્કાળ પ્રાણ ત્યાગ કરવાને બદલે ઉત્તરાયણ સુધી બાણશૈયા પર શરીરને ટકાવી રાખ્યું હતું. આપણને આ વાર્તા જેવું લાગે પણ વેદવ્યાસજી આ પ્રસંગ દ્વારા બહુ મોટો સંદેશો આપે છે. ભીષ્મના શરીર પરનું એક એક બાણ કૌરવોના એક એક દુષ્કૃત્યનું પ્રતીક છે. કૌરવો એ કરેલી ભૂલોને ભીષ્મએ બાણ રૂપે પોતાના પર લઈ લીધી જેથી કૌરવોને તકલીફ ના પડે. જ્યાં સુધી દાદાએ બાણ ઝીલ્યા ત્યાં સુધી કૌરવો ટકી શકયા પછી ખતમ થઈ ગયા. આપણા દરેકના પરિવારમાં પણ એક ભીષ્મ હોય છે જે આપણી ભૂલોના બાણ પોતાના પર લઈ લે છે અને એટલે આપણે સૌ ટકી શકીએ છીએ. જે પરિવાર ટકી શક્યો હોય તે પરિવારમાં કોઈને કોઈ સ્વરૂપે ભીષ્મ હાજર હોય જ છે.એ દાદા, દાદી, પપ્પા, મમ્મી, ભાઈ, બહેન, પતિ, પત્ની, દીકરો કે દીકરી કોઈપણ સ્વરૂપે હોય પણ એમના અસ્તિત્વથી જ પરિવાર ટકી રહેતો હોય. પરિવારના બાકીના સભ્યોને એમ હોય કે આપણા કુટુંબમાં કોઈ મુશ્કેલી જ નથી આપણે સુખી છીએ જયારે વાસ્તવિક્તાએ હોય કે આવા ભીષ્મ મુશ્કેલીઓનું પોટલું પોતાના માથે ઉપાડી લેતા હોય એટલે આપણને મુશ્કેલી અનુભવાતી જ ના હોય. ભીષ્મ તો આજે ઉતારાયણે જતા રહ્યા પણ આપણે આપણા કુટુંબ પરિવારના ભિષ્મને ઓળખીને સાચવી લેવા નહીંતર કૌરવોની જેમ આપણું અસ્તિત્વ પણું ખતમ થઈ જશે. થોડી



વાર આંખો બંધ કરીને વિચારો તમારી સમસ્યાઓને તમારા સુધીના પહોંચવા દેનાર એ કોણ છે? વિચારો કે તમારી ભૂલોને પોતાના માથે ઓઢી લેનાર એ કોણ છે વિચારો કે એવુ કોણ છે જેના કારણે તમને સુરક્ષાનો અનુભવ થાય છે? એવું કોણ છે જેની ગેરહાજરી આખા પરિવારને પારાવાર મુશ્કેલીમાં મૂકી દે? એવું કોણ છે જેનો સાથે તમને સદાય હલવા ફૂલ રાખે છે?બસ આ જ તમારા ભિષ્મ છે. આજના મકર સંક્રાંતિના પાવનપર્વએ આ ભીષ્મ ને ઓળખીને એનું જતન કરીએ જાળવીએ,સાચવીએ કારણ કે એ છેતો આપણે છીએ.મહા ભારતના મુખ્ય પાત્રોમાના એક ભિષ્મ અથવા દેવવ્રત મહારાજ શાંતનુ ગંગાના પુત્ર હતા.મહાપ્રતાપિ, મહાવીર અને મહાન વ્રતધારી ભીષ્મએ રાજ નીતિ દેવોના ગુરુ બૃહસ્પતિ પાસે થી, વેદ-વેદાંગની શિક્ષા ઋષિ વસિષ્ઠ પાસેથી અને યુદ્ધ વિદ્યા પરશુરામ મુનિ પાસેથી મેળવી હતી. આમ તેઓ અનેક વિદ્યા ઓમાં પારંગત હતા. મહાભારત ના યુદ્ધમાં તેમની ધ્વજનું ચિન્હ સુવર્ણ શ્રીફળ વૃક્ષ હતું. કૌરવો તથા પાંડવો માં તેઓ ભીષ્મ પિતામહાના નામથી ઓળખાતા હતા.વસિષ્ઠ ઋષિનો શાપ અને જન્મ એકવાર આઠ વસુઓ પોતાની પુત્રીઓની સાથે વસિષ્ઠ ઋષિના આશ્રમમાંઆવ્યા પરશુરામે ભીષ્મને તેમની પાસે બોલાવ્યા પરંતુ ભીષ્મ ગયા નહીં. આથી પરશુરામજીએ ભીષ્મને યુદ્ધ માટે લલકાર્યો પરંતુ,પરશુ રામજી ભીષ્મના ગુરુ હોવાથી ભીષ્મએ યુદ્ધ મર્યાદાની વિરુદ્ધ જાણ્યું. પરંતુ, પરશુરામ જીને જયારે ભીષ્મએ રથ વગર ના જોયા તો તેમણે પોતાના ગુરુ ને વિનંતી કરી કે તેઓ રથ પર આરુઢ થઈ અને કવચ ધારણ કરે. પરશુરામજી મલયા અને ભીષ્મને દિવ્ય ચક્ષુ આપ્યા અને ફરી જોવા કહ્યું. ભીષ્મએ જયારે ફરી જોયું તો પરશુરામજી પૃથ્વી રુપિ રથ પર સવાર હતા જેના ચાર વેદરુપિ થોડા હતા, ઉપનિષદો લગામ હતી અને વાયુ સારથિ તથા દેવીઓ તેમનું અભેદ કવચ હતા. ભીષ્મ રથ પરથી ઉતરીને પરશુરામજી પાસેથી યુદ્ધ માટેની આજ્ઞા માંગી. પરશુરામજી ભીષ્મના આ વિવેકથી ખુબ પ્રસન્ન થયા અને તેમને ભીષ્મને પોતાના ધર્મ તથા બ્રહમચર્યની રક્ષાના આશીર્વાદ આપ્યા અને તેમણે કહ્યુંકે તેઓ પોતાનો અંબા પ્રતિ શરણાગત ધર્મ બજાવશે. આમ તેમણે આજ્ઞા આપી ત્યાર બાદ ખુબ ભયાનક સંગ્રામ ૨૩ દિવસ સુધી ખેલાણો, બન્ને યોદ્ધા પરમ પ્રતાપી હોવા ઉપરાંત, પરશુ રામ ચિરંજીવી તથા ભીષ્મને ઈચ્છા મૃત્યુનું વરદાન હોવાથી હાર-જીતનો ફેસલો ન થઈ શક્યો ૨૨મા દિવસે ભીષ્મ એ કંટાળીને પોતાના પૂર્વજોને પ્રસન્ન કર્યા. પૂર્વજોએ ભિષ્મને એવું અસ્ત્ર આપ્યું કે જેની જાણ પરશુરામજી ને ન હતી. વેદના નિયમ મુજબ જો યોદ્ધા યુદ્ધ દરમિયાન નિંદ્રાને વશ થાય તોતે મૃત ગણાય યુદ્ધ દરમિયાન જ્યારે ભીષ્મએ આ આ અસ્ત્રનું અનુસંધાન કર્યું તો તેમની વિજય નિશ્ચિત થઈ ગઈ. પરંતુ ભીષ્મએ તેનો પ્રયોગ મર્યાદાની વિરુદ્ધ જાણ્યો અને પોતે સ્વયં મેદાન પરથી હટી ગયો. અંતે પરશુરામજીએ અંબાને કહ્યું કે ભીષ્મને જીતવા શક્ય નથી પરંતુ તેમણે અંબાને શિવજીને પ્રસન્ન કરવા કહ્યું. આમ,અંબા નિરાશ થઈ, આવતા જન્મમાં ભીષ્મને મારવાની પ્રતિજ્ઞા સાથે વનમાં તપ કરવા ચાલી ગઈ. તેનો પુનર્જન્મ દ્રુપદરાજાને ત્યાં શિખંડી તરીકે થયો જે ભીષ્મના મૃત્યુનું કારણ બન્યો.ભીષ્મએ તેને આશીર્વાદ આપ્યા.યુદ્ધના અંતે જયાં સુધી તેમણે ન જાણ્યું કે પાંડવોનો વિજય થયો છે, ત્યાં સુધી તેમણે પોતાના પ્રાણ ટકાવી રાખ્યા.જ્યારે અંત ઘડી નજીક આવી ત્યારે તેમણે યુધિષ્ઠિરને ભગવાન કૃષ્ણ નાં માનમાં વિષ્ણુ સહસ્ત્રનામ સંભળાવ્યાં અને ૧૦૦૦ વર્ષનું દીર્ઘ સુદીર્ઘ આયુષ્ય ભોગવી સ્વર્ગ સિધાવ્યા. ભીષ્મ જયારે મૃત્યુ શય્યા પર હતા તે વખતે તેમણે યુધિષ્ઠિરને જે ઉપદેશ આપ્યો તે ભીષ્મ ગીતા તરીકે પ્રખ્યાત છે. વાચક ચાહક મિત્રો,ગઈકાલે પોષી પૂનમે અંબાજી માતાનો પ્રાગટ્ય દિવસ ઉજવ્યો આજે મકર સંક્રાંતિ ઉત્તરાયણ પતંગોત્સવનું આકાશી પર્વ રાજયમાં નશાબંધી હોવા છતાં દેશી પરપ્રાંતીય દારૂ ખુલ્લે આમ વેચાય પીવાય છે તેમ કેટલાક વર્ષોથી રાજયમાં ચાઈનીઝ દોરી તુક્કલ સરેઆમ વેચાય છે છતાં રાજ્ય સરકાર કે તેનું તંત્ર કંઈ જ કરી શકતું નથી. કારણ કે ભ્રષ્ટાચારીઓ એટલા જ સક્રિય છે. નિર્દોષ લોકો અબોલ જીવો આ દોરીથી ઘાયલ થાય કે જીવ ગુમાવે છે છતાં કોઈ જ અસર નથી.. હાઈકોર્ટે વારંવાર આદેશ આપ્યા બાદ પણ પથ્થર પર પાણી જેવી દશા આજે જોવા મળે છે. વાત બધા સમજે છે પણ બોલે કોણ?આપણે સૌ તહેવારનો આનંદ વિવેકથી માણીએ તેવી આશા સહ પતંગોત્સવની શુભકામનાઓ પાઠવું છું. અસ્તુ.

# નેશનલ એવોર્ડ મળ્યો એ પહેલાં હું ચૂપચાપ ફિલ્મી દુનિયા છોડી દેવાની હતીઃ નિત્યા મેનન

## નિત્યા મેનન હવે તમિલ ફિલ્મ કઢાલિક્કા નેરામિલ્લઈમાં જોવા મળશે, જે ઉત્તરાયણ પર રિલીઝ થશે



એક્ટર નિત્યા મેનન સાઉથની ફિલ્મોના ફૅન્સ માટે જાણીતું નામ છે, તે ઉપરાંત તેણે અભિષેક બચ્ચનની વૅબ સિરીઝ 'બ્રીધ ઈન્ટુ ધ શેડો'માં પણ મહત્વનો રોલ કર્યો હતો. ગયા વર્ષે તેને નેશનલ એવોર્ડ મળ્યો છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું કે તે નેશનલ એવોર્ડ જીતી તે પહેલાં તે ચૂપચાપ ફિલ્મની દુનિયા છોડી દેવાનું વિચારતી હતી. ધનુષ સાથેની તેની ફિલ્મ 'થિરુચિત્રમ્બલમ' માટે તેને નેશનલ એવોર્ડ મળ્યો છે. તેણે આગળ જણાવ્યું કે તેને સાદું જીવન જીવવું ગમે છે, જેમાં તે ગમે ત્યાં ચાલીને જઈ શકે અને બગીચામાં જઈ શકે તો પણ તેના પર કોઈ ધ્યાન ન આપે.નિત્યાએ આગળ જણાવ્યું, ''મેં મારી પસંદથી સિનેમાને મારા કામ માટે પસંદ કર્યુ નથી. ફિલ્મોમાં પ્રવેશ કર્યા પછી જ મેં ઈશ્વરમાં માનવાનું શરૂ કર્યું. મારા પિતા નાસ્તિક છે. તેથી હું પણ મોટી થઈને એવી જ બની. જ્યારે મે આ કામ પસંદ કર્યુ, ત્યારે મને સમજાયું કે મને સતત કોઈનું માર્ગદર્શન મળી રહ્યું છે. જે બહુ શક્તિશાળી છે અને મારું તેના પર કોઈ નિયંત્રણ નથી. આ એવું કામ છે જે મને ગમતું નથી, જો મને વિકલ્પ મળે તો હું ચોક્કસ છોડી દઉં.''તેણે આગળ જણાવ્યું,''કદાચ લોકોને મારી આ વાત સાંભળીને એવું લાગશે કે મને તેનું મૂલ્ય નથી. આ કામ મારા વ્યક્તિત્વથી ઘણું અલગ છે. મારે એક સામાન્ય જીવન જીવવું છે. મને પ્રવાસ



કરવો બહુ જ ગમે છે એટલે મારે પાયલોટ બનવું હતું. મારે બગીચામાં ચાલવું હોય છે અને આઝાદીનો અનુભવ કરવો હોય છે. પરંતુજો હું અભિનેત્રી બનું તો મારે આ બધું જ છોડી દેવું પડે. ક્યારેક, હું મારી જાતને પૂછુ છું કે શું આટલું બધું છોડીન જે પામું છું એ યોગ્ય છે કે નહીં. મારા વાલીએ તો ક્યારેય મારા નિર્ણયોમાં દખલગીરી કરી નથી. પરંતુ હું એમને કહ્યાં કરું છું કે મારે આ કામ છોડી દેવું છે.''ત્યાર બાદ નિત્યાએ મોટો ખુલાસો કર્યો. તેણે કહ્યું, ''મેં નેશનલ એવોર્ડ મળ્યો એ પહેલાં મેં નક્કી કરેલું કે મને મળેલાં કામો પૂરા કરીશ પછી ચૂપચાપ ફિલ્મો છોડી દઈશ. મને લાગ્યું હતું કે કોઈને ખબર નહીં પડે કે હું ક્યાં છું અને શું કરું છું. પરંતુ મને નેશનલ એવોર્ડ મળી ગયો.'' નિત્યા મેનન હવે તમિલ ફિલ્મ કઢાલિક્કા નેરામિલ્લઈમાં જાવા મળશે. જે ઉત્તરાયણ પર રિલીઝ થઈ રહી છે.

### 'સ્ટુડન્ટ ઓફ ધ યર'એ બોલિવૂડને ઘણા સ્ટાર્સ આપ્યા

# અલાયા એફ અને શનાયા કપૂર 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૩' કરશે?

કરણ જોહરની ફ્રેન્ચાઈઝી 'સ્ટુડન્ટ ઓફ ધ યર'એ બોલિવૂડને ઘણા સ્ટાર્સ આપ્યા છે. તેમાં આલિયા, વરુણ ધવન અને સિદ્ધર્થ મલ્હત્રાની જનરેસથી લઈને અનન્યા, ટાઈગર અને તારા સુતરિયાનો સમાવેશ થાય છે. હવે આ સિરીઝની ત્રીજી ફિલ્મ અંગે ચર્ચાઓ શરૂ થઈ છે. કરણ જોહરે એવી પણ જાહેરાત કરી છે કે આ એક ફિલ્મ નહીં પણ વૅબ સિરીઝ હશે જે તેના ડિજીટલ પ્રોડક્શન હાઉસ ધર્માટિક એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. જોકે, આ સિરીઝમાં






કયા એક્ટર્શ હશે, એ અંગે હજુ કોઈ જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ એવી અફવાઓ અને ચર્ચાઓ ચાલે છે કે આ ફિલ્મમાં અલાયા એફ અને શનાયા કપૂર લીડ રોલમાં જોવા મળશે.આ સિરીઝનું ડિરેક્શન ઈટરનેશનલ ફિલ્મ મેકર રીમા માયા કરવાના હોવાનું ચર્ચાય છે, જેની પોતાની પ્રોડક્શન કંપની કેટનિપ છે. ગયા વર્ષે એપ્રિલમાં ચંદિગઢમાં યોજાયેલા સિનેવેસ્ટર્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં કરણ જોહરે આ અંગે એક જાહેરાત કરી હતી. તેણે કહ્યું હતું, ''સ્ટુડન્ટ ઓફ ધ યરનું ડિજીટલ વર્ઝન રીમા માયા ડિરેક્ટ કરશે. પરંતુ આ તેની કલ્પના હશે, મારી નહીં. કારણ કે જો હું એના વિશ્વમાં દખલ કરું તો પછી તેના નામ પ્રમાણે એક ભ્રમ તૈયાર થશે. મારે માત્ર તેનો અવાજ બનવું હતું. તેણે તેની પોતાની સિરીઝ બનાવી છે.''ત્યારે એવા પણ અહેવાલો છે કે શનાયા કપૂર પહેલાં ધર્મા પ્રોડકશનની બેધડક ફિલ્મથી ડેબ્યુ કરવાની હતી, તે હવે આ ફિલ્મમાં પણ જોવા મળશે અને તેની સાથે બીજો લીડ રોલ અલાયા એફ કરશે.શનાયાને બેધડક અને સાઉથની ફિલ્મ વૃષભા માટે સાઈન કરવામાં આવી હતી અને આખરે બંને ફિલ્મો પડતી મુકાઈ. હવે તે વિક્રાંત મેસ્સી સાથે આંખો કી ગુસ્તાખિયાંમાં ડેબ્યુ કરવાની હોવાની ચર્ચા છે. જ્યારે અલાયા એફની બે ફિલ્મો થિએટરમાં તેમજ ઓટીટી પર પણ આવી ચૂકી છે. તે બડે મિંયા છોટે મિંયા અને શ્રીકાંતમાં કામ કરી ચૂકી છે.

### 'લવયાપા'નું ટ્રેલર લોન્ચ કરરવામાં આવ્યું

# શ્રીદેવીને યાદ કરીને ભાવુક થયો આમિર

## મારી માતાએ મને જે રીતે ઉછેર્યો અને મેં અને રીનાએ આયરા-જુનૈદને જે રીતે ઉછેર્યા છે તેનાથી હું ખુશ છુ

આમિર ખાને તેના પુત્ર જુનેદને ચમકાવતી ફિલ્મ 'લવયાપા'નું ટ્રેલર લોન્ચ કર્યુ ત્યારે તે શ્રીદેવીને યાદ કરીને ભાવુક થઈ ગયો. આમિરે કહ્યું કે જો શ્રી આજે અહીં હોત તો તે ખૂબ ખુશ થાત. 'લવયાપા'માં શ્રીદેવીની પુત્રી ખુશી કપૂર આમિરના દીકરા જુનૈદની સામે છે.આમિર ખાનના દીકરા જુનૈદ ખાનની નવી ફિલ્મ 'લવયાપા'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે અને આ પ્રસંગે અભિનેતા શ્રીદેવીને યાદ કરીને રડી પડ્યા હતા. આ ફિલ્મમાં શ્રીદેવીની નાની પુત્રી ખુશી કપૂર જુનૈદની સામે છે. ટ્રેલરને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જુનૈદ ખાન અને ખુશી કપૂરની કેમેસ્ટ્રીના વખાણ થઈ રહ્યા છે.



મારી માતાએ મને જે રીતે ઉછેર્યો અને મેં અને રીનાએ આયરા અને જુનૈદને જે રીતે ઉછેર્યા છે તેનાથી હું ખુશ છુ. આમિરે 'લવયાપા'નું ટ્રેલર લોન્ચ કર્યુ અને ભાવુક થઈ ગયો.ફિલ્મના ટ્રેલર લોન્ચ સમયે આમિર ખાને કહ્યું, 'હું શ્રીદેવીનો સૌથી મોટો ચાહક છું. તમે લોકો જાણતા જ હશો કે શરૂઆતથી જ મેં હંમેશા શ્રી વિશે વાત કરી છે અને મારું સ્વપ્ન હતું કે એક દિવસ મને શ્રી સાથે કામ કરવાની તક મળે. તો, આ એક ખુશ ફિલ્મ છે અને મારા માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે. જ્યારે મેં ફિલ્મ જોઈ ત્યારે મને લાગ્યું કે હું ફરીથી શ્રી જોઈ રહ્યો છું.આમિરે આગળ કહ્યું, 'આ તમારી પહેલી થિયેટર ફિલ્મ છે.' હું તમારા બંને માટે પ્રાર્થના કરું છું. અને શ્રી જ્યાં પણ હશે, તે તમને (ખુશી કપૂર) ખૂબ જ ખુશીથી જોશે. આજે, હું તેમને ખૂબ જ પ્રેમથી યાદ કરી રહ્યો છું. જો તે આજે અહીં હોત તો ખૂબ સારું થાત. પણ તે આપણી સાથે છે.આ પછી, આમિર ખાને પોતાના પુત્ર જુનૈદ વિશે વાત કરતા કહ્યું, 'એક પિતા તરીકે, હું ઘણો ગેરહાજર રહ્યો છું. હું મારી પોતાની દુનિયામાં રહું છું, કામમાં ડૂબેલો રહું છું. તો આજે મને ખુશી છે કે જુનૈદે પોતાની કારકિર્દી પોતાની રીતે શરૂ કરી છે. હું જે વ્યવસાયમાં આવ્યો. હું અહીં ૩૫ વર્ષથી છું અને હવે તે પણ તેમાં જોડાઈ ગયો છે. આ મારા માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. મારી માતાએ મને જે રીતે ઉછેર્યો અને મેં અને રીનાએ આયરા અને જુનૈદને જે રીતે ઉછેર્યા છે તેનાથી હું ખુશ છું.



### વીડિયો પણ થયો વાયરલ

# કરણના સ્લિમ લુકથી ફૅંસ ચોંક્યા

## સિદ્ધાર્થએ તાજેતરમાં જ એક જ્વેલરી ફેશન શો ઇવેન્ટમાં ભાગ લીધો હતો

બોલિવૂડ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાએ તાજેતરમાં જ એક જ્વેલરી ફેશન શો ઈવેન્ટમાં ભાગ લીધો હતો. જ્યાં તેની સાથે કિલ ફેમ એક્ટર લક્ષ્ય અને મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૨૫ સિની શેટ્ટી પણ જોવા મળ્યા હતા. પરંતુ ચાહકોનું ધ્યાન ખેંચનાર વ્યક્તિ દિગ્દર્શક અને નિર્માતા કરણ






જોહર હતા. હકીકતમાં, કરણ જ્યારે એજિયો લક્સ વીકેન્ડમાં ત્યાની જ્વેલરીના 'ગિલ્ડેડ અવર' શોકેસ માટે રેમ્પ વોક કરતો હતો ત્યારે તેના સ્લિમ લુકે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. સોશિયલ મીડિયા પર તેનો વીડિયો આવતાની સાથે જ ઈન્સ્ટાગ્રામ યુઝર્સે પણ પ્રતિક્રિયા આપવાનું શરૂ કરી દીધું. બોલિવૂડ અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રાએ તાજેતરમાં જ એક જ્વેલરી ફેશન શો ઈવેન્ટમાં ભાગ લીધો હતો સામે આવેલા વીડિયોમાં, કરણ જોહર ફેશન શોમાં સફેદ આઉટફિટમાં રેમ્પ વોક કરી રહ્યો હતો.લાંબી, આરામદાયક ફિટિંગ અને પહોળી કોલરવાળી નેકલાઈન, સીધા પગવાળા ફિટિંગવાળા મિડ-રાઈઝ પેન્ટ સાથે જોડીમાં, કરણ જોહર ખૂબ જ સુંદર દેખાતો હતો. કાર્યક્ષેત્રની વાત કરીએ તો, બે વર્ષમાં એટલે કે ૨૦૨૨ થી ૨૦૨૪ ની વચ્ચે, ધર્મા પ્રોડક્શન્સે ૧૦ ફિલ્મોનું નિર્માણ કર્યું, જેમાંથી ફક્ત ૧ હિટ રહી, ચાર સરેરાશ, એક સરેરાશથી ઓછી, બે ફ્લોપ અને બે આપત્તિજનક રહી. યાદીમાં ટોચ પર રણવીર સિંહ અને આલિયા ભટ્ટની ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાની છે, જેણે ૧૬૦ કરોડ રૂપિયાના બજેટમાં બોક્સ ઓફિસ પર ૩૫૫.૬૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.



### કલાકારોને અસુરક્ષા છે કે લોકો તેમના પર ધ્યાન નહીં આપે

# કેટલાંક કલાકારો લોકોનું ધ્યાન ખેંચવા બાઉન્સર પાસે નાટકીય વર્તન કરાવેઃ સોનુ

## સોનુ સૂદ રોમેન્ટિકથી વિલન સુધીના રોલ કરવાથી લઇને હજારો લોકોને મદદ કરવા સુધી ઘણો લોકપ્રિય કલાકાર છે



તાજેતરમાં સોનુ સૂદે એક આશ્ચર્યજનક ખુલાસો કરતા કેટલાક કલાકારો પર ક્ષેપ કર્યો છે કે તેઓ કેમૅરા પર ન હોય ત્યારે પણ અભિનય છોડતાં નથી. સોનુ સૂદ રોમેન્ટિકથી વિલન સુધીના રોલ કરવાથી લઈને હજારો લોકોને મદદ કરવા સુધી ઘણો લોકપ્રિય કલાકાર છે. તેણે તાજેતરમાં એક પોડકાસ્ટમાં તેના કેટલાંક સાથી કલાકારોની મજાક ઉડાડતાં ખુલાસા કરતા કહ્યું કે તેમને મારી આ વાત નહીં ગમે. સોનુએ કહ્યું કે તે માને છે કે કેટલાંક કલાકારો કમનસીબે કૅમેરા કરતાં વાસ્તવિક જીવનમા વધુ સારો અભિનય કરી જાણે છે. તેણે ભારપૂર્વક કહ્યું હતું કે જેવો કૅમેરા બંધ થાય તેવી એક્ટિંગ પણ બંધ થઈ જવી જોઈએ, પરંતુ તેના કેટલાંક સાથીઓને આવું કરવામાં મુશ્કેલી પડે છે.આ સાથે સોનુએ તાજેતરનો પોતાનો એક અનુભવ પણ જણાવ્યો હતો. તેણે કહ્યું હતું કે તેને લોકો સાથે કોઈ પ્રકારની ભારે સિક્યોરિટી વિના મળવું અને વાત કરવી ગમે છે. તાજેતરમાં કોલકાતામાં એક કાર્યક્રમમાં હાજરી આપતી વખતે તેણે બોડિગાર્ડની ચિંતા કર્યા વિના જાહેર પરિવહનના સાધનોમાં જાણીતા સ્થળોની મુલાકાત લેવાનું નક્કિ કર્યુ હતું. ત્યારે તેને સુરક્ષાની કોઈ જરૂર લાગી નહોતી અને લોકો સાથે વાતો કરવામાં તેને મજા આવી હતી. તેને આ અનુભવ ગમ્યો હતો.ત્યાર બાદ તેણે સઆથી કલાકારો પર કટાક્ષ કરતા કહ્યું હતું કે તેના મિત્રો સુરક્ષા માટે નહીં પણ લોકોનું ધ્યાન ખેંચવા માચે બોડાગાડ્ર્ઝ રાખે છે. તેણે એક એવો પણ કિસ્સો કહ્યો હતો કે એક વખત એરપોર્ટ પર તેણે એક બોડિગાર્ડ સાથે વાત કરી હતી અને તેણે સ્વીકાર્યુ હતું કે તેમને નાટકની જેમ વર્તવાની સૂચના આપવામાં આવી હતી. સોનુ માને




છે કે કેટલાક કલાકારોને ડર હોય છે કે લોકો તેમના પર ધ્યાન આપશે નહીં તેથી તેઓ આવું અતિશયોક્તિભર્યું વર્તન કરે છે. તેણે એવું પણ કહ્યું કે ઘણા સેલેબ્રિટીઝના બોડીગાર્ડને આવું કરવાની ખાસ તાલીમ આપવામાં આવી હોય છે. તેણે કહ્યું કે જો કોઈ સેલેબ્રિટી બોડિગાર્ડ વિના ક્યાંય ફરવા નીકળે તો થોડાં લોક જ તેમની નોંધ લે કે તેમને સેલ્ફી માટે પૂછતાં હોય છે. સોનુએ એક કલાકારનું નામ લીધા વિના એક કિસ્સો કહ્યો હતો, જેમાં એક કલાકારે માત્ર જીમમાં એન્ટ્રી કરવા માટે મોટું નાટક કરેલું. તેણે યાદ કરતાં કહ્યું કે બોડિગાર્ડને કોઈ ભીડ ન હોય તો પણ ઘણી ભીડ હોય એવું વર્તન કરવાનું કહેવામાં આવે છે. આ બધો જ કેમેરા વિનાનો અભિનય છે. સોનુ સૂદે આ ફિલ્મથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી છે. અભિનેતા એક્શન થ્રિલર ફિલ્મનો પણ એક ભાગ છે. અભિનેતાએ અંકુર પજની સાથે પટકથા અને સંવાદો સહ-લેખ્યા હતા, જ્યારે સંકલ્પ રાવલ, રુદ્ર આનંદ અને શ્યામ નિર્મલે વધારાની પટકથાનું યોગદાન આપ્યું હતું. વિન્સેન્ઝો કોન્ડોરેલીએ સિનેમેટોગ્રાફર તરીકે કામ કર્યું છે, જ્યારે જ્હોન સ્ટુઅર્ટ એડુરી અને હંસ ઝિમ્મેરે ફિલ્મનો સ્કોર કમ્પોઝ કર્યો છે. શું મૂવી જોવા યોગ્ય છે? જ્યારે નિમ્રત (શિવ જ્યોતિ રાજપૂત) નામની છોકરી પંજાબમાં તેના ગામ મોગામાંથી ગુમ થઈ જાય છે, ત્યારે ફતેહ (સોનુ સૂદ) તેને શોધવાનું કામ જાતે લઈ લે છે. નિમ્રત છેતર પિંડીભરી લોન અરજીઓનો ભોગ બનવાના પરિણામે ગાયબ થઈ જાય છે, જેની તે કેટલાક ગ્રામજનોને ભલામણ કરે છે.

### સલમાનની સોલો ફિલ્મ 'ટાઈગર ૩' રિલીઝ થઈ હતી

# ફિલ્મ 'સિકંદર' પર ભાઈજાન સલમાનના મુકદરનો મદાર

સલમાન ખાનની સોલો ફિલ્મ 'ટાઈગર ૩' રિલીઝ થઈ હતી જે બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. આ પછી, છેલ્લા ૭ વર્ષથી સલમાન ખાનના ખાતામાં કોઈ સુપરહિટ ફિલ્મ નથી.સલમાન ખાને છેલ્લા ૭ વર્ષમાં એક પણ સુપરહિટ ફિલ્મ આપી નથી. ચાહકો બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને પડદા પર જોવા માટે ઉત્સુક છે. જોકે તે વરુણ ધવનની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મો 'બેબી જોન' અને 'સિંઘમ અગેન'માં જોવા મળ્યો હતો. પરંતુ બંને ફિલ્મોમાં તેમનો કેમિયો હતો. છેલ્લી વખત સલમાન ખાનની સોલો ફિલ્મ 'ટાઈગર ૩' ૨૦૨૩ માં રિલીઝ થઈ હતી. આ પણ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગયું. છેલ્લા ૭ વર્ષથી સલમાન ખાનના ખાતામાં કોઈ સુપરહિટ ફિલ્મ નથી. ૨૦૧૭માં રિલીઝ થયેલી સુપરસ્ટારની ફિલ્મ 'ટાઈગર ઝિંદા હૈ' તેમની છેલ્લી સુપરહિટ ફિલ્મ હતી. કોઈમોઈના મતે, 'ટાઈગર ઝિંદા હૈ' એ સ્થાનિક બોક્સ ઓફિસ પર કુલ ૩૩૯.૧૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ પછી, સલમાન ખાનની ઘણી ફિલ્મો રિલીઝ થઈ પરંતુ તેમાંથી કોઈ પણ સુપરહિટ કે બ્લોકબસ્ટરની યાદીમાં સામેલ થઈ શકી નહીં.ત્યારે હવે સલમાનની કારકિર્દીનો બધો મદાર હવે સિકંદર પર છે.'ટાઈગર ઝિંદા હૈ' પછી, સલમાન ખાનની 'રેસ ૩' ૨૦૧૮માં સિનેમાઘરોમાં આવી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સરેરાશ રહી. ફિલ્મ 'ભારત' ૨૦૧૯માં રિલીઝ થઈ હતી, તે હિટ સાબિત થઈ હતી. પરંતુ આ વર્ષે રિલીઝ થયેલી 'દબંગ ૩' કંઈ ખાસ કરી શકી નહીં અને બોક્સ ઓફિસ પર સરેરાશ રહી. ૨૦૨૧ માં આવેલી ફિલ્મ 'રાધે' અને ૨૦૨૨ માં આવેલી ફિલ્મ 'કિસી કા ભાઈ કિસી કી જાન' બંને બોક્સ ઓફિસ પર ભારે ફ્લોપ સાબિત થઈ. સતત ફ્લોપ ફિલ્મો બાદ, 'ટાઈગર ૩' આ વર્ષે રિલીઝ થઈ. ૩૦૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ફક્ત ૨૮૬ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ રીતે આ ફિલ્મ પણ ફ્લોપ ગઈ. ૨૦૨૪માં સુપરસ્ટારની કોઈ ફિલ્મ રિલીઝ થઈ ન હતી. હવે તેમની આગામી ફિલ્મ 'સિકંદર' ૨૦૨૫માં રિલીઝ થઈ શકે છે. ફિલ્મનું ટીઝર રિલીઝ થઈ ગયું છે અને તેણે ચાહકોમાં ખૂબ જ ચર્ચા જગાવી છે. આવી સ્થિતિમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે સલમાન ખાન 'સિકંદર' સાથે બોક્સ ઓફિસ પર સારી વાપસી કરી શકે છે.









તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આજ રોજ તારીખ ૧૨/૦૧/૨૦૨૪ ના રોજ રાષ્ટ્રિય યુવા દિવસ એટલે કે સ્વામી વિવકાનંદ જન્મ જયંતી ના ભાગ રૂપે નેહરુ યુવા કેન્દ્ર, દાહોદ અને ગાયત્રી પરિવાર, લીમડી ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો જેમાં ધર્મ, ચિંતન,ધ્યાન, યુવા આધ્યાત્મિકતા, રાષ્ટ્ર નિર્માણ જેવા વિષય પર સંવાદ યોજયો હતો.

# થરા નગરમાં પાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા



। (પ્રતિનિધી) થરા, તા.૧૩ ।

સમગ્ર ગુજરાતમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં થી નેશનલ હાઈવે નં.૨૭ પસાર થાય છે. અહીં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા એક કીમી લાંબો ઓવર બ્રિજ બે થી એકવીસ ફુટ ઉંચો બનાવી બંને બાજુ નગર વિસ્તાર માં અવરજવર માટે ફૂટપાથ સાથે સર્વિસરોડ બનાવવામાં આવેલ છે આ ફૂટપાથ પર લોકોએ કેબીન ગલ્લા છાપરાના દબાણ કરી પોતાનો ધંધો કે એ દબાણ કરેલ જગ્યા ભાડે આપી ફૂટપાથ પર જમાવટ કરતાં અને રખડતા ઢોરોને કારણે થરા વેપારી શૈક્ષણિક મથક હોવાથી ટ્રાફિકની વિકટ સમસ્યા જોવા મળતી હતી. આખો દીવસ રેત ભરેલા ઓવર લોડ ડમ્ફરો પણ આ સમસ્યાને વધુ ગંભીર બનાવી દીધી હતી. થરા નગર પાલિકા અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આ દબાણકર્તાઓને અનેક વાર નોટીસ આપી પણ એનકેન પ્રકારના દબાણો લાવી દબાણો દૂર કરવામાં આવતાં ન હતાં. થરા નગર પાલિકામાં તાલીમી આઈએ એસ મહિલા અધિકારી મૂકતા તેમને થરા નગરની આ સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયાસ કર્યા પણ એમાં રાજકિય દખલગીરી થતાં તેવોએ હથિયાર હેઠાં મૂકેલા જ્યારે થરા પાલીકામાં કરાર આધારિત ચીફ ઓફિસરની જગ્યા પર નિવૃત્ત મામલતદાર બાબુભાઈ જોષીની નિમણુંક કરવામાં આવતાં તેઓએ નેશનલ હાઈવે ઓથોરિટીના સંકલનમાં રહીને થરા પોલીસ મથકે બંદોબસ્ત માંગતા થરા પોલીસ મથકના પી.આઈ.રમેશભાઈ હીરાભાઈ જારિયાએ પોલીસ બંદોબસ્ત આપતાં ગઈકાલે થરા નગરમાં દબાણ હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેને લઈ થરા નેશનલ હાઈવે કેબિન બજાર હટાવવા માટે અગાઉ અનેકવાર નોટિસ આપવામાં આવી હતી છતાં કેબિન ગલ્લા ધારકો આ બંધ રહેશે પણ ચીફ ઓફિસર, નેશનલ હાઈવે ઓથોરિટી અને પોલીસ મક્કમ રહેતા પટેલ બોર્ડિંગ રોડની સામેના દબાણો હટાવવાની જેસીબી મશીન દ્વારા કામગીરી શરૂ કરતાં નગર તળના દબાણ કર્તાઓ રાજકિય રીતે દબાણ બંધ રખાવવા ભારે હલ્લાબોલ કરતા જોવા મળ્યા હતા પણ આ વખતે સાચો વાઘ આવ્યો છે ને દબાણ હટાવવા પડશે તેવું લાગતા દબાણ કર્તાઓ પોતાનું કેબિન ગલ્લા બચાવવા ફટોફટ ઉપાડતા જોવા મળ્યા હતા. હાઈસ્કૂલ રોડ પર દબાણ હટાવવા પડશે તેવું લાગતા ત્યાં દોડધામ શરૂ થઈ હતી પણ ત્યાં. ૨ વિકાસલક્ષી કામો જેવું કામ હાલ થયું. થરા નગરમાં નેશનલ હાઈવે ઓથોરિટી, પાલિકા, પોલીસ સંકલનમાં રહી હટાવેલા દબાણોની જગ્યા પર ફરી દબાણ ન થાય અને ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવું કંઈક કરે તેવી લોકોની માંગ છે.

# ઝાલોદ રામસાગર તળાવ પાસે સ્ટ્રીટ લાઈટ બંધ : વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆત પરિણામ શૂન્ય

## રામેશ્વર મહાદેવ, મુસ્લિમ સમાજનું કબ્રસ્તાન, ખોડિયાર માતા મંદિર જેવા મહત્વના સ્થળ હોવા છતાં તંત્ર બેધ્યાન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ રામસાગર તળાવનું નામ આવતા જ નગરના લોકોના મનમાં એક જ વાત ચાલે કે હરવા ફરવા તેમજ શુદ્ધ હવા ખાવાનું સુંદર સ્થળ. રામસાગર તળાવની ચારે બાજુ પહેલા નગરના લોકો શુદ્ધ હવા ખાવા તળાવ કિનારે બેસતા હતા પરંતુ તંત્રની બેદરકારી ને લઈ રામસાગર તળાવની અંદર ગંદકી પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે તેમજ તંત્ર આ અંગે સતત નગરની ઉપેક્ષા કરતું હોય તેવું લાગી રહેલ છે. રામસાગરના તટ પર હિન્દુ સમાજનું રામેશ્વર મહાદેવ મંદિર અને ખોડિયાર માતા મંદિર પણ આવેલ છે તેથી સાંજના સમયે નગરના લોકો મંદિરમાં દર્શનાર્થે પણ જતા હોય છે. તેમજ આ વિસ્તારમાં મુસ્લિમ સમાજનું કબ્રસ્તાન પણ આવેલ છે આવા મહત્વના સ્થળો આવેલ છતાંય આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ જોવા મળે છે. જેથી અહીંથી અવર જવર કરનાર લોકોને પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેનો ડર સતાવતો રહે છે.

મુસ્લિમ સમાજમાં રાત્રી દરમ્યાન જો કોઈ મરણ થયેલ હોય તો તંત્ર દ્વારા આ વિસ્તારની લાઈટ બંધ હોવાથી તેઓને પણ ભારે હાલાકી ભોગવવી પડે છે.મુસ્લિમ સમાજના કબ્રસ્તાનની સામે કચરાનો ડુંગર આવેલ છે તે પણ કેટલીક વાર આ માર્ગ પર થી હટાવવા માંગ કરેલ છે પરંતુ તંત્ર આ અંગે કઈ કરવા ઈચ્છતુ ન હોય તેવું નગરજનોને લાગી રહેલ છે. સ્ટ્રીટ લાઈટના બંધ હોવાને લઈ કેટલાક અસામાજિક તત્વો અહીંયા બેસી નશાકારક વસ્તુનું સેવન કરતા પણ લોકોને નજરે પડેલ છે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

નગરમાં આવેલ સુંદર તળાવના કિનારે રાત્રિ દરમ્યાન નગરના લોકો તળાવના કિનારે ફરવાનો આનંદ પણ લેવા જતા હોય છે પરંતુ લાઈટ બંધ હોવાને લઈ એકલા વ્યક્તિઓ ને આ વિસ્તારમા ફરવા જતા ડર લાગતો હોય છે. હાલ તો નગરજનો એમ જ ઈચ્છે છે કે સ્ટ્રીટ લાઈટ ચાલુ થાય, તળાવ સ્વચ્છ રહે તેમજ આ વિસ્તારમાં જે કચરાના ઢગ છે તે સાફ થઈ જાય હવે જોવાનું રહ્યું કે તંત્ર આ મામલે કેટલી જલ્દી આળસ ખંખેરી નગરના હિત માટેનું આ સુંદર કામ કરે છે.

# સહકાર ભારતી ઝાલોદ તાલુકા દ્વારા સહકાર ભારતીનો ૪૮મો સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

આજે તા.૧૨/૧/૨૦૨૫ ને રવિવાર ના રોજ સહકાર ભારતી ઝાલોદ તાલુકા દ્વારા સહકાર ભારતી નો ૪૮ મો સ્થાપના દિવસ ની ઉજવણી કરાઈ તથા તાલુકા કારોબારી કરવામા આવી જેમાં દાહોદ જીલ્લા સહકાર ભારતીના સંગઠન પ્રમુખ રમેશભાઈ ગારી.. ઉપાધ્યક્ષ સરતનભાઈ ચૌહાણ.. મહામંત્રી ભરતભાઈ શ્રીમાળી.. સહમંત્રી જયેન્દ્ર તરાલ.. સામભાઈ કટારા.. રાજેશ ડામોર.. ધર્મેન્દ્ર ડામોર, મુકેશભાઈ ડામોર.. સુરેશભાઈ ડામોર .. પૂર્વ સાંસદ બાબુભાઈ કટારાની વિશેષ ઉપસ્થિતિમાં રાખવામા આવી જેમાં વર્ષ ૨૦૨૪/૨૫ ની કારોબારી સમિતિ જાહેર કરવામાં આવી અને સહકાર ભારતીમા ઝાલોદ તાલુકાની બીજી સહકારી મંડળીઓ જોડાય.. સહકાર દ્વારા લોકોની સુખાકારી વધે તેવા પ્રયાસો કરવા ઠરાવો કરવામા આવ્યા જેમાં સમગ્ર ઝાલોદ તાલુકા માંથી મંડળીઓના ચેરમેનો.. સભ્યો.. સરપંચો..મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા.. કાર્યક્રમ ને સફળ બનાવ્યો..ત્યારબાદ શ્રી સ્વામિ વિવેકાનંદજી ની જન્મ જયંતિ હોય તે નિમિત્તે સહકાર ભારતી ટીમ દ્વારા તેમની પ્રતિમાને માલ્યાપણ કરવામાં આવ્યું..સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ભરતભાઈ શ્રીમાળીએ કર્યું...

# ઓલપાડમાંથી નકલી ઘી બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ થયો

। સુરત, તા.૧૩ ।

સુરતમાં ફરી એકવાર નકલી ઘી બનાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. સુરતમાં ફરી એકવાર નકલી ઘી બનાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. ઓલપાડમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. માસમા ગામે નકલી ઘી બનાવવાનું રેકેટ ચાલતુ હતું. બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા પાડતા નકલી ઘીની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. સુરતમાં સતત નકલી વસ્તુઓના વેચાણ છેલ્લા કેટલાક સમયથી જોરશોરમાં ચાલી રહ્યો છે ત્યારે ખાવા પીવાની વસ્તુની વેચાણ બજારમાં પણ ડુપ્લિકેશન થઈ રહ્યાનું સામે આવ્યું હતું. હલકી ગુણવતાવાળી વસ્તુ બજારમાં વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે વધુ એક નકલી અને મિલાવટી ઘી બનાવવાનું કારખાનું પોલીસે ઝડપી પાડ્યું છે.

# ઝાલોદના વણિક સમાજના યુવાનને સોલાર ક્ષેત્રેમાં એવોર્ડ મેળવીને નગરનું ગૌરવ વધાર્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ગુજરાત સરકાર રાજ્યમાં હાલમાં ડીઝીટ-લાઈશેન પર કામ કરી રહી છે.ત્યારે પીટીએસ સોલર કંપની દ્વારા સોલાર ક્ષેત્રેમાં પ્રશંનીય કામગીરી કરવા બદલ ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ દ્વારા પીટીએસ કંપનીની શ્રેષ્ઠ કામગીરી માટે કંપનીના ઓનર મૂળ ઝાલોદના રહેવાસી અને હાલ વડોદરા ખાતે રહેતા દ્વિપ મયુર પરીખ અને પરીતોષ મકવાણાને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા છે. એવોર્ડ મેળવીને સમાજનું ગૌરવ વધાર્યું હતું.જે બદલ બંને યુવાનોને આગેવાનો દ્વારા અભિનંદ પાઠવવામાં આવ્યા હતા.




# ઉત્તરાયણમાં ઘવાયેલા પક્ષીઓ તેમજ ઈજાગ્રસ્ત નાગરિકો માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે હેલ્પલાઈન સેવાનો પ્રારંભ

## એક વિદ્યાર્થી ૧૦૦ પરિવારોને પાણી બચાવવાની સમજણ આપશેઃ નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ

। (માહિતી) સુરત, તા.૧૩ ।

ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી અબોલ પક્ષીઓ તેમજ વાહનચાલકો ઘાયલ થતા હોય છે. નિર્દોષ પક્ષીઓના રક્ષણ અને બચાવ માટે છેલ્લા ૧૭ વર્ષથી નર્સિંગ એસોશિએશન અને સહસ્ત્રફણા પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ-ગોપીપુરા દ્વારા હેલ્પલાઈન સેવા સાથે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલ પક્ષીઓની સારવાર માટે કેમ્પ યોજવામાં આવે છે. પક્ષીઓ માટે જીવદયા અને તબીબોની ટીમ તેમજ ઈજાગ્રસ્ત દર્દીની સારવાર માટે એમ્બ્યુલન્સ સેવા કાર્યરત રહે છે, ત્યારે આ વર્ષે પણ દોરીથી ઘવાયેલા પક્ષીઓ તેમજ ઈજાગ્રસ્ત નાગરિકો માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે હેલ્પલાઈન સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવી સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત હેલ્પ લાઈન સેવા માટે ૯૮૨૫૩-૦૪૭૬૬, ૯૮૨૫૫-૦૪૭૬૬,૮૩૨૦૫-૯૫૪૩૯,૯૯૭૯૦-૮૭૦૫૩, ૮૪૬૦૬૭૦૬૪૪ ઉપર કોલ કરીને ઈજાગ્રસ્ત પક્ષીઓ કે નાગરિકોની સારવાર માટે કોલ કરી શકાશે. આ પ્રસંગે પૂર્વ સ્થાયી સમિતિ ચેરમેનશ્રી પરેશ પટેલે જણાવ્યું હતું કે, નિર્દોષ અને અબોલ પક્ષીઓનું રક્ષણ કરવું એ આપણી સૌની નૈતિક ફરજ છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૭થી ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગના દોરાથી પક્ષીઓને થતા ઘાવમાંથી બચાવવા માટે અને તેમનાં સારવાર માટે દસ દિવસીય 'કરૂણા અભિયાન' યોજાય છે. નવી સિવિલ નર્સિંગ એસોસિએશન દ્વારા સતત ૧૭ વર્ષથી હેલ્પલાઈન સેવા આપવામાં આવી રહી છે, જેની સરાહના કરતા તેમણે સુરતવાસીઓને આ જીવદયા અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણ પર્વ સાથે જળસંચય અને 'પાણી બચાઓ' અભિયાન પણ પ્રગતિ પર છે. વર્ષ ૨૦૨૧થી શરૂ થયેલા 'કેચ ધ રેન' અભિયાન અંતર્ગત, છેલ્લા ચાર મહિનામાં કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલના માર્ગદર્શનમાં દેશમાં ૩ લાખથી વધુ વોટર હાર્વેસ્ટિંગ પ્લાન્ટ સ્થાપિત કરાયા છે.



# નવસારી જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા ગણદેવી ખાતે આયુષ મેળો યોજાયો

। (માહિતી) નવસારી, તા.૧૩ ।

"દેશનું પ્રકૃતિ પરીક્ષણ અભિયાન અને એક કદમ સ્વસ્થ ભારત તરફ" યોજના અં-તર્ગત ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામકશ્રી આયુષ કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત નવસારી દ્વારા ગણદેવી તાલુકાના ગણદેવી સુગર ફેકટરી ખાતે આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ. નવસારી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પરેશભાઈ દેસાઈ દ્વારા આયુર્વેદ વિશે પ્રચાર પ્રસાર કરવા અપીલ કરી, તેમજ કોરોના કાળ દરમ્યાન આયુર્વેદ ઉકાળાનું મહત્વ વિશે સમજાવ્યું અને આયુર્વેદ ઔષધિઓ નું જતન થાય તે માટે ગ્રામ જનનોને અપીલ કરી હતી. ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ દ્વારા આયુર્વેદની ઔષધીઓ અને તેનું મહત્વ તેમજ આયુર્વેદ ઔષધીઓ જે હાલના સમયમાં પણ ઘણા બધા રોગો માટે અકસીર છે તેમજ આયુર્વેદ જીવનશૈલી અપનાવવાથી લાંબા સમય સુધી નિરોગી જીવન વિતાવી શકાય તેમ જણાવ્યું હતું. આયુષ મેળામાં આયુર્વેદ અને હોમિયોપેથિક પદ્ધતિ દ્વારા તમામ રોગોનું નિદાન- સારવાર કેમ્પ, પંચકર્મ, અગ્નિકર્મ ચિકિત્સા તેમજ દિનચર્યા, ઋતુચર્યા, યોગ નિદર્શન તેમજ જરૂરી યોગ માર્ગદર્શન, પ્રકૃતિ પરિક્ષણ, જીરિયાટ્રીક ઓપીડી, રોગોથી બચવા માટે આયુર્વેદના ઉકાળાનું વિતરણ તથા આયુર્વેદ હોમિયોપેથિક દવા વિતરણ, ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આયુષ મેળામાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી પ્રશાંતકુમાર શાહ, નગરપાલિકા પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી ભાનુબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય શ્રી પરિમલભાઈ પટેલ મહેશભાઈ હળપતિ માજી સંગઠન પ્રમુખ શ્રી શાંતિલાલ પટેલ, પીઆઈ શ્રી ચૌહાણ સાહેબ, ગણદેવી સુગર ફેક્ટરી ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજીવ ગુપ્તા ઓફિસ સુપ્રિટેન્ડ શ્રી મુકેશભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી. આ ક્ષણે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રૅશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવનમાં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. સ્કૂલ પ્રૉજેક્ટ પૂરો કરવા બાળકો તમારી મદદ માગી શકે છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. ભાગીદારીમાં નવું સાહસ શરૂ કરવા માટે સારો દિવસ. સૌને લાભ થવાની શક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારો હકારાત્મક દ્દષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. લાંબા-ગાળાના દ્દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. આજે કોઈની છેડતી કરશો નહીં. અદ્યતન ટેક્નોલૉજી તથા હુન્નર શીખવામાં તમારી મદદ કરે તેવા ટૂંકા-ગાળાના પ્રોગ્રામમાં સહભાગી થાવ.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો નહીં કેમ કે એ તમારા હિતમાં નથી અને વિનાકારણ તમે તેમને ખફા કરશો. તળાવમાંની સૌથી સુંદર માછલી સાથે આજે મુલાકાત થવાની ઊંચી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

# લોસ એન્જેલસની આગમાં રૂ.૧૦,૭૭૦ કરોડનું વૈભવી રહેઠાણ બળીને ભડથું

। (એજન્સી) લોસ એન્જેલસ, તા.૧૩ ।

લોસ એન્જેલસના જંગલોમાં લાગેલી આગને કારણે વેરાયેલો વિનાશ છેલ્લા કેટલાક દિવસથી ચર્ચામાં છે. ભીષણ આગમાં ઘણી કીમતી મિલકતો હોમાઇ છે ત્યારે પેસિફિક પેલિસેડ્સનું સૌથી મોંઘું રહેઠાણ પણ આ દાવાનળનો ભોગ બન્યું છે. લગભગ રૂ.૧૦,૭૭૦ કરોડનો વૈભવી મેન્શન આગમાં બળીને ભડથું થયો છે.એક અહેવાલ મુજબ, લ્યુમિનાર ટેક્નોલોજિસના સીઈઓ ઓસ્ટિન રસેલનો ૧૮ બેડરૂમનું વૈભવી રહેઠાણ રાખમાં ફેરવાઇ ગયું હતું. અહેવાલમાં દર્શાવેલી તસવીરોમાં પારાવાર નુકસાનનો અંદાજ મળે છે. તેમાં મકાનનો કાટમાળ સ્પષ્ટ દેખાય છે. આ વૈભવી મકાનનું માસિક ભાડું રૂ.૩.૭૪ કરોડ હતું. એચબીઓના સક્સેશનની સીઝન-૪માં વૈભવી રહેઠાણ દર્શાવાયા પછી તેની



પ્રસિદ્ધી વધી હતી. રસેલની પ્રોપર્ટીમાં નોબુ દ્વારા ડિઝાઈન કરાયેલું શેફ કિચન, ૨૦ બેઠકનું થિયેટર, તાપમાન નિયંત્રિત શરાબનું ભોંયરું અને રાત્રે તારા જોઈ શકાય એવી છત હતી. વૈભવી બંગલાનું મોટા ભાગનું ઈન્ટિરિયર નાશ પામ્યું છે. જેમાં માસ્ટર બેડરૂમની બહાર રેટાઈનલ સ્કેનર અને બે પેનિક રૂમનો સમાવેશ થાય છે. ઉપરાંત સ્પા, આધુનિક કાર ગેલેરી અને રુફટોફ ડેક પણ ભીષણ આગમાં હોમાઈ ગયા છે. ફાયરબ્રિગેડે આખરે શુક્રવારે લોસ એન્જેલસની આગ પર કાબૂ મેળવવામાં સફળતા હાંસલ કરી છે પણ અધિકારીઓએ આરોપોનો મારો શરૂ કરી દીધો છે. તેમણે જણાવ્યું હતું કે, શહેરના પોતાના પગલાંને કારણે હોનારત વધુ વિનાશક બની છે. લોસ એન્જેલસના ફાયરબ્રિગેડના વડા ક્રિસ્ટિન ક્રોલીએ શહેરના નેતાઓ પર તેમના વિભાગનું બજેટ ઘટાડવાનો આરોપ મૂક્યો હતો. ફાયર વિભાગના બજેટમાં ૧.૭ કરોડ ડોલરથી વધુનો ઘટાડો કરનાર મેયર કેરન બાસે તેમના પગલાંનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને બજેટ ઘટાડવામાં આવ્યું હતું, પણ તેની જંગલની આગ ઓલવવાના પ્રયાસ પર કોઈ અસર થઈ નથી.’’

### નિર્ણયોથી કેટલાક લાઇસન્સધારકોની તરફેણ કરાઇ : અહેવાલ

# કેજરીવાલ સરકારે શરાબ કૌભાંડમાં રૂ.૨,૦૨૬ કરોડનો ગોટાળો કર્યો: CAG

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમના મંત્રીઓએ શરાબ કૌભાંડમાં રૂ.૨,૦૨૬ કરોડનો ગોટાળો કર્યો છે. કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG)ના અહેવાલમાં જણાવ્યા અનુસાર શરાબની એક્સાઈઝ પોલિસીમાં પારદર્શકતાનો અભાવ હતો. તેમાં ગેરકાયદે નિર્ણયોથી કેટલાક લાઈસન્સધારકોની તરફેણ કરવામાં આવી હતી. આ અહેવાલને પગલે દિલ્હી વિધાનસભાની ચૂંટણી ટાંણે રાજકારણ વધુ ગરમાયું છે. CAGના અહેવાલના કેટલાક અંશ શનિવારે જાહેરમાં આવ્યા હતા. દિલ્હીમાં પાંચ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે ત્યારે કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા ગિરીશચંદ્ર મુર્મૂનો અહેવાલ દિલ્હીની આપ સરકાર માટે મોટો ફટકો છે. તેને લીધે ભાજપ અને કોંગ્રેસને ‘લિકરગેટ’ કૌભાંડ મુદ્દે કેજરીવાલ સરકાર પર હુમલો કરવા માટે નવી સ્ફોટક સામગ્રી મળી છે. મુર્મૂએ અહેવાલની આખરી ભલામણમાં જણાવ્યું હતું કે, ‘‘પોલિસીમાં થયેલી ભૂલો માટે જવાબદારી અને જવાબદેહિતા નિર્ધારિત કરવી જોઈએ. ઉપરાંત, કાનૂની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવી



જોઇએ.’’ અહેવાલ પર દિલ્હીના પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ) અમનદીપ ગુપ્તાના હસ્તાક્ષર પણ હતા. દિલ્હી વિધાનસભામાં ભાજપના વિરોધ પક્ષના નેતા વિજેન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ‘‘દિલ્હીની આમ આદમી પાર્ટી સરકારે આજે સાબિત કર્યું છે કે તે દેશની સૌથી ભ્રષ્ટ સરકાર છે. જનતાના નાણાંના નુકસાનમાંથી કોને ફાયદો થયો અને આપના કયા નેતાઓને લાંચ મળી છે તેનો અમારે જવાબ જોઈએ છે.’’

### આગથી ૧૫૦ અબજ ડોલરની સંપત્તિને નુકસાન થયાનો અંદાજ

# લોસ એન્જેલસના જંગલોમાં લાગેલી આગમાં મૃત્યુઆંક વધીને ૧૬ થયો

### રાજ્ય સરકારે તાત્કાલિક એક સેન્ટર ઉભું કર્યુ છે જેમાં કોઇપણ પીડીત પોતાના પરિવાર જનોના ગુમ થવાની જાણ કરી શકે છે

। (એજન્સી) લોસ ઍંજલસ, તા.૧૩ ।

અમેરિકાના લોસ એન્જેલસના જંગલોમાં ફાટી નીકળેલી ભીષણ આગના કારણે મરનારા લોકોની સંખ્યા વધીને ૧૬ ઉપર પહોંચી ગઇ છે. હાલ સમગ્ર શહેરી વિસ્તારમાં સૂસવાટા મારતા પવનના કારણે બચાવકાર્યમાં પણ મોટી અડચણો ઉભી થઇ હતી. અલબત્ત હાલ પવનની ગતિ થોડી ધીમી પડી છે તેમ છતાં રાહત અને બચાવ કાર્યમાં જોડાયેલા કર્મચારીઓને ફરીથી સૂસટાવા મારતા પવનો શરૂ થઇ જશે તો શહેરના કેટલાંક અત્યંત મહત્વના સેન્ટર અને મકાનો સુધી આગ ફેલાઇ શકે એવી ભીતિ સતાવી રહી છે.કેલિફોર્નિયાના જંગલોમાં ફાટી નીકળેલી આગ માટેનું કારણ હજુ સુધી નક્કી કરી શકાયું નથી, પરંતુ આ આગના કારણે જાન-માલનું જે નુકસાન થયું છે તે અમેરિકાના ઈતિહાસમાં સૌથી મોટુ નુકસાન માનવામાં આવે છે એમ પ્રાથમિક અંદાજમા કહેવામાં આવ્યું છે. આ



આગના કારણે જે જાનમાલનું નુકસાન થયું છે અને આર્થિક રીતે જે નુકસાન નોંધાયું છે તે લગભગ ૧૩૫ થી ૧૫૦ અબજ ડોલર જેટલું હોઇ શકે છે. અત્યાર સુધી જે ૧૬ લોકોના મોતને પુષ્ટિ અપાઇ છે તે પૈકી ૫ લોકો પેલિસેડ્સ વિસ્તારનીઆગમાં અને ૧૧ લોકો ઈટોન વિસ્તારની આગમાં હોમાઇ ગયા હતા એમ લોસ ઍંજલસ કાઉન્ટિ કોરોનર્સની ઓફિસ દ્વારા શનિવારે બહાર પાડવામાં આવેલાં એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું.

## ઉત્તર પ્રદેશમાં હવે હેલ્મેટ વગર પેટ્રોલ નહીં મળે

। (એજન્સી) લખનૌ, તા.૧૩ ।

ઉત્તર પ્રદેશમાં માર્ગ અકસ્માતોને રોકવા માટે પરિવહન વિભાગે એક એડવાઈઝરી જારી કરી છે. ટુ-વ્હીલર વાહનોના થતા અકસ્માતો અને મૃત્યુ ઘટાડવા માટે વિભાગે કડક નિયમો અપનાવવા સૂચનાઓ જારી કરાઈ છે. આમાં, ‘નો હેલ્મેટ, નો પેટ્રોલ’ની નીતિ પ્રસ્તાવિત કરવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ કમિશનર બ્રજેશ નારાયણ સિંહે એક પરિપત્ર જારી કરીને પેટ્રોલપંપ સંચાલકોને હેલ્મેટ વગર પેટ્રોલ નહીં આપવાની સૂચના આપી છે. વાહનચાલકની પાછળ બેઠેલી વ્યક્તિએ પણ જો હેલ્મેટ પહેર્યુ ન હોય તો પણ પેટ્રોલ નહીં આપવા કહેવાયું છે. આ બાબતની જાણ કરતો પત્ર તમામ જિલ્લાઓના જિલ્લા મેજિસ્ટ્રેટ અને વિભાગીય કમિશનરોને મોકલવામાં આવ્યો છે અને આ નિર્ણયનો તાત્કાલિક અમલ કરવા જણાવાયું છે. ટ્રાન્સપોર્ટ કમિશનર દ્વારા જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું હતું.

### મહિલાના એક દીકરાને ૧૦, બીજાને ૭ તથા પડોશીના દીકરાને ૯ વર્ષની સજા

# ચીનમાં બાળકોને ઇસ્લામિક શિક્ષણ આપનાર મહિલાને સત્તર વર્ષની જેલ

। (એજન્સી) શિનજિયાંગ, તા.૧૩ ।

ચીનની સરકારે તાજેતરમાં એક મહિલાને પોતાના તથા તેના પાડોશીના બાળકોને ઈસ્લામિક શિક્ષણ આપવા બદલ ૧૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. ચીની અધિકારીઓના મતે, તે ગેરકાયદેસર અને ભૂગર્ભ ધાર્મિક પ્રવૃત્તિ ચલાવી રહી હતી. ચીનની સરકારે માત્ર મહિલાને જે સજા નથી આપી, પરંતુ તેની પાસે અભ્યાસ કરી રહેલા માસૂમ બાળકોને પણ જેલની સજા ફટકારી છે.રિપોર્ટ અનુસાર, શિનજિયાંગના કોનાશેહર કાઉન્ટીની ઉઈગુર મહિલા સેલિહાન રોઝી તેના પુત્રો અને પાડોશીના પુત્રને ધાર્મિક શિક્ષણ આપી રહી હતી. આ દરમિયાન, ચીની અધિકારીઓએ તેને પકડી લીધી હતી. હવે તેને સજા સંભળાવતાં કોર્ટે રોઝીને ૧૭ વર્ષની જેલની સજા ફટકારી છે જ્યારે રોઝીના એક દીકરાને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે બીજા દીકરાને ૭ વર્ષની જેલની સજા ફટકારી છે. વધુમાં, કોર્ટે મહિલાના પુત્રોની સાથે અભ્યાસ કરતા પાડોશી યાકુપ હિદાયતને પણ ૯ વર્ષની જેલની સજા ફટકારી છે.એક મીડિયાના જણાવ્યા અનુસાર, રોઝીને ધાર્મિક શિક્ષણ આપવા બદલ દોષી ઠેરવવામાં આવી હતી. આ કેસ સંભાળી રહેલા પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, ચીનમાં આ રીતે ધાર્મિક શિક્ષણ આપવા સામે કડક નિયમો છે.

# ઉત્તરાખંડના પૌડીમાં બસ ૧૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી


। (એજન્સી) દેહરાદૂન, તા.૧૩ ।

ઉત્તરાખંડના પૌડીથી સેન્ટ્રલ સ્કૂલ જતા માર્ગ પર એક મોટી બસ દુર્ઘટના સર્જાઈ, જેમાં અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયાની પુષ્ટિ થઈ છે. મળતી માહિતી અનુસાર, બસ બેકાબૂ થઈ ગઈ હતી. જેને લઈને બસ ૧૦૦ મીટર નીચે ખીણમાં ખાબકી હતી. દુર્ઘટના એટલી ભયંકર હતી કે ઘટના સ્થળે ચીચીયારી ગુંજી ઉઠી હતી. મિની બસ સંખ્યા UK12PB0177, જે પૌડી બસ સ્ટેશનથી કેન્દ્રીય વિદ્યાલય થઈને શ્રીનગર માટે અંદાજિત ૩ વાગ્યે નીકળી હતી. ત્યારે પૌડીના કોઠાર બેન્ડ નજીક અંદાજિત ૪ વાગ્યા આસપાસ બસ દુર્ઘટનાનો શિકાર બની. પ્રાથમિક માહિતી અનુસાર, બસમાં અંદાજિત ૨૦ લોકો સવાર હતા. દુર્ઘટનામાં અત્યાર સુધીમાં પાંચ મુસાફરોના મૃત્યુ થયા છે, જ્યારે અન્ય ઘાયલ થઈ ગયા. તમામ ઘાયલોને તાત્કાલિક પ્રાથમિક સારવાર માટે જિલ્લા હોસ્પિટલ પૌડી લઈ જવાયા, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને જિલ્લા હોસ્પિટલ શ્રીનગર રિફર કરાયા છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ઠ પર લખ્યું કે, ‘પૌડીમાં કેન્દ્રીય વિદ્યાલય તરફ જનારા માર્ગ પર બસ દુર્ઘટનાગ્રસ્ત થવાથી ચાર મુસાફરોના નિધનના અત્યંત દુઃખદ સમાચાર મળ્યા.

# શોર્ટ વીડિયો અને રીલ્સ જોવાની આદત હાઇ બ્લડપ્રેશરને સીધું આમંત્રણ આપે છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

શોર્ટ વીડિયો અને રીલ્સ જોવાની આદત આજના યુવાનો અને મધ્યમ ઉંમરના લોકોના દૈનિક જીવનનો એક હિસ્સો બની ગઈ છે, પરંતુ તાજેતરમાં હાથ ધરાયેલાં એક સંશોધનમાં એવું તારણ બહાર આવ્યું છે કે આ ખોટી ટેવ તમને હાઈ બ્લડપ્રેશરની બિમારી સુધી આસાનીથી દોરી જઈ શકે છે. ચીનના યુવાનો અને મધ્યમ ઉંમર ધરાવતા લોકોમાં પ્રવર્તતી હાઈપરટેન્શન (ઉચાટ અને ઉદ્વેગ)ની સમસ્યા અને પથારીમાં સૂતા પહેલાં શોર્ટ વીડિયો અને રીલ્સ જોવા માટે ખર્ચાતા સ્ક્રિન ટાઈમ વચ્ચે રહેલાં સંબંધને શોધી કાઢવા ચીનની ધ ફર્સ્ટ હોસ્પિટલ ઓફ હેબેઈ મેડિકલ યુનિવર્સિટિના વૈજ્ઞાનિકોએ તાજેતરમાં એક સંશોધન હાથ ધર્યુ હતું. વૈજ્ઞાનિકોની આ ટીમે



ચીનના ૪૩૧૮ જેટલા યુવાનો અને મધ્યમ ઉંમર ધરાવતા લોકોનો સર્વે હાથ ધર્યો હતો અને તેઓ દ્વારા ખર્ચાયેલા સ્ક્રિન ટાઈમ અને તેઓની બિમારી વિશેના ડેટાનું વિશ્લેષણ કર્યુ હતું, જેમાં તેઓને જાણવા મળ્યું હતું કે આ તમામ લોકોને સૂતી વખતે પથારીમાં પોતાના મોબાઈલ ફોનમાં શોર્ટ વીડિયો અને રીલ્સ જોવાની બુરી આદત લાગેલી હતી જેના પગલે જાન્યુઆરી ૨૦૨૩ થી સપ્ટેમ્બર-૨૦૨૩ વચ્ચે આ તમામ લોકોને પોતાના આરોગ્યની ચકાસણી કરાવવી પડી હતી.આ લોકોના ડેટાના ઉંડાણપૂર્વકના વિશ્લેષણથી વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું હતું કે તેઓમાં હાઈપર ટેન્શનની જે સમસ્યા પ્રવર્તે છે. તેને અને સૂતી વખતે વીડિયો જોવા માટે ખર્ચ કરાતા સ્ક્રિનટાઈમ વચ્ચે સીધો સંબંધ છે, અર્થાત તેઓની આ બુરી આદતના કારણે જે તેઓમાં હાઈપરટેન્શનની બિમારી ઉભી થઈ હતી. ‘ચીનના યુવાનો અને મધ્યમ ઉંમર ધરાવતા લોકોમાં પ્રવર્તી રહી હાઈપરટેન્શનની સમસ્યા અને સૂતી વખતે પથારીમાં શોર્ટ વીડિયો અને રીલ્સ જોવા માર્ટે ખર્ચાતા સ્ક્રિન ટાઈમ એકબીજા સાથે સીધો સંબંધ ધરાવે છે’ એમ આ સર્વે હાથ ધરનારા વૈજ્ઞાનિકોની ટીમે બીએમસી પબ્લિક હેલ્થ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા લેખમાં કહ્યું હતું. આ સર્વે બાદ આ વૈજ્ઞાનિકોએ યુવાનો અને મધ્યમ ઉંમરના લોકોને સૂતી વખતે વીડિયો જોવાની આદત ઉપર અંકુશ મૂકવાની સલાહ આપી હતી. તદઉપરાંત તેઓએ લોકોને હાઈપરટેન્શનની બિમારીને દૂર કરવા શરીરના વજનને, લોહીમાં રહેલી ચરબી અને કોલસ્ટરોલને, લોહીમાં રહેલી સુગરને અને યુરિક એસિડના લેવલને અંકુશમાં લેવાની ભલામણ પણ કરી હતી. તદઉપરાંત તેઓએ સોડિયમનું વધુ પડતું પ્રમાણ ધરાવતા ખોરાક અને ઠંડા પીણાં ઉપર પણ અંકુશ મૂકવાની સલાહ આપી હતી. આ અગાઉ હાથ ધરાયેલા સર્વેમાં પણ એવું તારણ વ્યક્ત કરાયું હતું કે એક સપ્તાહમાં ૩૦ મિનિટ કે તેથી વધુનો સ્ક્રિન ટાઈમ અને સતત મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાથી હાઈ બ્લડપ્રેશર અને હાઈપરટેન્શનની બિમારીનું જોખમ અનેકઘણું વધી જાય છે.

## વિશેષ

### કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના નેતૃત્વમાં નેહરુ યુવા કેન્દ્રના યુવા આદાન-પ્રદાન અને ‘વતન કો જાનો’ અંતર્ગત યોજાયેલો પ્રવાસ કાર્યક્રમ

# એક ભારત શ્રેષ્ઠ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નીહાળી કાશ્મીરી યુવક યુવતીઓનું ડેલિગેશન અભિભૂત થયું

### છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા અને નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ ભિમસિંહભાઈ તડવીની ઉપસ્થિતિમાં સહકાર ભવન-એકતાનગર ખાતે નેહરૂ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા યુવા સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

। (માહિતી) સુરત ।

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર અને માય ભારત દ્વારા તા.૬થી ૧૧ જાન્યુઆરી-૨૦૨૫ દરમિયાન સુરતમાં કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેના ભાગરૂપે નેહરૂ યુવા કેન્દ્ર નર્મદા દ્વારા તા.૧૦મી જાન્યુઆરીને શુક્રવારના રોજ આ કાશ્મીરી યુવા ડેલીગેસન માટે સ્ટેચ્યુ ઑફ યુનિટી સહિત નર્મદા જિલ્લાનો એક દિવસીય પ્રવાસ કાર્યક્રમ યોજાયો હતો. કાશ્મીરથી આ ટૂરમાં સામેલ થયેલા ૬ જિલ્લાના ૧૨૦ યુવક - યુવતીઓ અને ૧૨ ટીમ લિડર મળી કુલ ૧૩૨ યુવા ડેલીગેશન સુરત ખાતેથી નર્મદા જિલ્લાના સહકાર ભવન- એકતાનગર ખાતે આવી પહોંચતા છોટાઉદેપુરના સાંસદ શ્રી જશુભાઈ રાઠવા અને નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહભાઈ તડવીની ઉપસ્થિતિમાં સંગોષ્ઠી કાર્યક્રમ યોજાયો હતો.





કાશ્મીરી યુવા ડેલીગેશનને સંબોધતા છોટાઉદેપુરના સાંસદ શ્રી જશુભાઈ રાઠવાએ જણાવ્યું કે, સમગ્ર દેશને એકસૂત્રમાં બાંધી સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વિકાસને વેગ આપી રહ્યા છે. તેમણે આપણને સૌને વિકસિત ભારત @2047નો સંકલ્પ આપ્યો છે. આ સંકલ્પને સિદ્ધ કરવા માટે યુવાનોની ભાગીદારી અત્યંત મહત્વની છે, જેના ભાગરૂપે યોજાઈ રહેલો આ યુવા આદાન પ્રદાનનો કાર્યક્રમ એક અસરકારક માધ્યમ બની રહેશે. વધુમાં તેઓએ ઉમેર્યું કે, દેશને આઝાદી અપાવવામાં અને દેશને એક કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી જીવન સમર્પિત કરનાર ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ પણ ગુજરાતમાંથી જ મળ્યા હતા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૩૭૦ની કલમ હટાવી કેન્દ્રની સરકારે કાશ્મીરને અનોખી ભેટ આપી વિકાસનો માર્ગ મોકળો બનાવ્યો છે. ત્યારે ગુજરાત અને કાશ્મીરનાં યુવાનો વચ્ચે સંસ્કૃતિનું આદાન પ્રદાન થાય, એકબીજાને જાણે, સમજે અને જોવે જેથી વિચારોનું આદાન પ્રદાન પણ થાય અને એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાર્થક કરવાની દિશામાં એક પથ પર આગળ વધીએ તેવી શુભકામના પાઠવી હતી. આ વેળાએ ટુરમાં સામેલ કાશ્મીરી યુવક - યુવતીઓએ ગુજરાત પ્રવાસ દરમિયાન પ્રત્યક્ષ નિહાળેલા વિકાસની ભારોભાર પ્રશંસા કરી શાંતિ અને સુરક્ષાની થયેલી અનુભૂતિને ભારોભાર વખાણી હતી.

સંગોષ્ઠી બાદ આ ડેલીગેશન જંગલ સફારી પાર્ક અને સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે પહોચ્યું હતું. એક ભારત શ્રેષ્ઠ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નીહાળી કાશ્મીરી યુવક યુવતીઓનું ડેલિગેશન અભિભૂત થયું હતું અને સ્ટેચ્યુ ઑફ યુનિટીના નિર્માણના ઈજનેરી કૌશલ્યને બિરદાવ્યું હતું. અત્રે નોંધનીય છે કે, માય ભારત-સુરત તેમજ નેહરુ યુવા કેન્દ્ર-સુરત (યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય) દ્વારા આયોજિત કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું આયોજન શ્રી બદ્રીનારાયણ મંદિર, અડાજણ, સુરત ખાતે તારીખ ૦૬ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં કાશ્મીરના જુદા જુદા જીલ્લા જેવા કે, અનંતનાગ, કુંપવાડા, બારામુલ્લા, બડગામ, શ્રીનગર અને પુલવામાંના યુવક યુવતીઓ સામેલ થયા છે. કાશ્મીરી ખીણમાં યુવાનો આંતકવાદ જેવી વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જેને કારણે યુવાનો દેશની એકતા અને દેશપ્રેમની ભાવનાથી દુર થઈ રહ્યા છે. તેમજ કટ્ટરપંથી પ્રવૃતિઓમાં જોડાઈ રહ્યા છે. આવી પ્રવૃત્તિઓથી દુર થઈ તેમજ તેમનો સર્વાંગી વિકાસ થાય અને તેમને વિકાસની વિવિધ તકો મળે તે હેતુથી ભારત સરકારના યુવા મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલય દ્વારા આ કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. એકતાનગર ખાતે યોજાયેલા સંગોષ્ઠી કાર્યક્રમમાં નાંદોદના પ્રાંત અધિકારીશ્રી ડૉ. કિશનદાન ગઢવી, જિલ્લાના અગ્રણીશ્રી વિક્રમભાઈ તડવી, મહિલા અગ્રણી શ્રીમતી જયશ્રીબેન ધામેલ, નહેરુ યુવા કેન્દ્રના જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી સચિન શર્મા, જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી દિનેશભાઈ ભીલ, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી દિલીપ દેસાઈ સહિત પદાધિકારીઓ અને નેહરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યાં હતા.

# ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ માણ્યો મકરસંક્રાંતિ પર્વ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

તલ જેવડુ પણ દુઃખ કદી ન આવે, ગોળ સમી મધુરી મીઠાશ જીવનમાં આવે, જેમ પતંગની થાય છે, ઉન્નતી ગગનમાં તેમ સુખ, સમૃદ્ધિ વરસતી રહે જીવનમાં..... આ પર્વના ભાગરૂપે સરસ્વતી માતાજીને ભોગ,પ્રસાદી અર્પણ કરી, કેટલાક ધાર્મિક હિન્દુઓ આ દિવસે બ્રાહ્મણોને દાન આપે છે, ગાય માતાને ખાસ ખવડાવે છે. અને ગરીબોને ગરમ કપડાં ઓઢેડે છે. આપણા ભારત દેશમાં ત્રણ પ્રકારના તહેવારોની વર્ષ દરમિયાન ઉજવણી થાય છે જેમાં ઉતરાયણને આપણી સામાજિક તહેવાર કહીએ છીએ, નાના મોટા, શ્રીમંત, ગરીબ લોકો મન કે મત ભેદ વિના આ તહેવારની ઉજવણી હર્ષો ,ઉલ્લાસ્થી કરે છે. આ રીતે આ પર્વનું કેટલું મહત્વ છે, તે જણાવ્યું હતું. દર વખતની જેમ આ વર્ષે પણ આ શાળાના આ.શી. શિક્ષક નરેશભાઈ દશરથભાઈ પરમાર અને ડીંડોર કિરીટકુમાર મણીલાલે શાળામાં ભણતા ૨૫૦ કરતાં પણ વધુ બાળકોને ૬૨૫ જેટલા પતંગો અને ગુંદી આપી હતી. પતંગ અને ગુંદી આપતા બાળકોના ચહેરા ઉપર કંઈક અલગ જ આનંદની લાગણી જોવા મળતી હતી. આ પર્વમાં શાળાના શિક્ષકો પણ ભાગ લીધો હતો અને આ પર્વ અમે ખૂબ આનંદથી ઉલ્લાસથી, ઉમંગથી અને છેલ્લે બાળકોના આનંદની કોઈ સીમા જ ન હતી.

## ન્યુઝ બોક્ષ

### અમદાવાદમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧૨ ટેલર સાથે આરોપીની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ઉત્તરાયણને તહેવારને પગલે શહેરમાં ચોરીછુપીથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું વેચાણ વધી ગયું છે. જેમાં ઝોન-૭ એલસીબીની ટીમે પેટ્રોલિંગ દરમિયાન વેજલપુર ફતેવાડી સ્થિત નળસરોવર વસાહત પાસેથી એક શખ્સને ઝડપી લીધો હતો. જેમાં તેની પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના રૂ. ૧૨,૦૦૦ ની કિંમતના ૧૨ ટેલર મળી આવ્યા હતા.તપાસમાં આરોપીનું નામ જુમ્માખાન નસીબખાન પઠાણ (૬૦) હોવાનુ બહાર આવ્યું છે. આરોપી વેજલપુર, ફતેવાડી ખાતે મહમદનુર પાર્ક સોસાયટીનો રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ દોરી ધારદાર હોવાથી ઈજાગ્રસ્ત વ્યક્તિનો જીવ જવાના બનાવો પણ અગાઉ બનેલા છે. જેને પગલે ચાઈનીઝ દોરીના વપરાશ પર અંકુશ લગાવવા માટે પોલીસ દ્વારા કડક કાર્વાહી કરવામાં આવે છે.

### તલવારો વડે આતંક મચાવવાના કેસમાં પોલીસે પાંચને ઝડપી પાડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સામે સવાલ ઉઠાવતી અનેક ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના પોશ વિસ્તારમાં એસ. જી. હાઈવે પર આવેલા પેલેડિયમ મોલ ખાતે ગત શુક્રવારે કેટલાંક લુખ્ખાઓએ જાહેરમાં તલવારો વડે આતંક માચાવ્યો હતો અને વાહનોમાં તોડફોડ કરીને હુમલો કર્યો હતો. સમગ્ર ઘટના મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ મામલે પોલીસે ૫ આરોપીને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી. અમદાવાદના એસ. જી. હાઈવે પર આવેલા પેલેડિયમ મોલ પાસે અસામાજિક તત્ત્વોએ તલવાર અને લાકડીઓ સહિતના હથિયાર વડે જાહેરમાં આતંક મચાવ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને પોલીસ દ્વારા મિહિર દેસાઈ, પ્રિન્સ જાંગીડ, જીગર ઉર્ફે જીગ્નેશ દેસાઈ, પવન ઠાકોર અને કૈલાશ દરજી નામના ૫ આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસ ફરિયાદ મુજબ, તલવાર વડે હુલમો કરનારા શખસો ફોર્ચ્યુનર, ક્રેટા અને સ્કોર્પિયોમાં આવીને પેલેડિયમ મોલ પાસે ઊભા રહેલા વિજય ભરવાડ નામના શખ્સ સહિત તેના મિત્રોને નિશાનો બનાવ્યો હતો. જેમાં આરોપી પ્રિન્સ અને મિહિર દેસાઈ સહિતના હુમલાખોરોએ પીડિતો પર તલવારો અને લાકડીઓથી હુમલો કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ન્યુ એલ. ડી. આર. સ્કૂલ, સાઉથ બોપલની વિદ્યાર્થિની પલ પટેલે લીધો ગ્રુપ ડિસ્કશન સેશનમાં ભાગ

## પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫ના ગ્રુપ ડિસ્કશન સેશનમાં અમદાવાદની વિદ્યાર્થિનીનું સિલેક્શન

। અમદાવાદ, તા.૧૩ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બોર્ડની પરીક્ષા સંદર્ભે અનોખી પહેલ સમાન ઈન્ટરેકટીવ કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા'નું પ્રતિવર્ષ આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમની આઠમી કડી 'પરીક્ષા પે ચર્ચા ૨૦૨૫' આગામી સમયમાં યોજાનાર છે.

આ કાર્યક્રમના સ્ટુડિયો ગ્રુપ ડીસ્કશન સેશનમાં ભાગ લેવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા અમદાવાદ-ગ્રામ્ય જિલ્લાની ન્યુ એલ. ડી. આર. સ્કૂલ, સાઉથ બોપલ શાળાની ધોરણ-૯ની વિદ્યાર્થીની પલ નીલેશભાઈ પટેલની પસંદગી થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૮ જાન્યુઆરી ૨૫ દરમ્યાન કુલ સાત સેશનમાં દેશભરમાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓ વિવિધ થીમ – મુદ્દાઓ પર સ્ટુડિયો ડિસ્કશનમાં ભાગ લેનાર છે. અમદાવાદ-ગ્રામ્ય જિલ્લાની વિદ્યાર્થીની પલ નીલેશભાઈ પટેલે દિલ્હી ખાતે ૧૨



જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પહેલા જ ગ્રુપ ડિસ્કશન સેશનમાં ભાગ લીધો હતો. ગ્રુપ ડિસ્કશનમાં સફળ થશે તો વિદ્યાર્થીની પરીક્ષા પે ચર્ચાના અંતિમ કાર્યક્રમમાં ભાગ લઈને રાજ્યનું નામ રોશન કરશે. અમદાવાદ-ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કૃપાબહેન જહાએ દીકરીની આ સિદ્ધિ બદલ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અમદાવાદ ગ્રામ્યની શાળાની વિદ્યાર્થીનીની આ અનેરી સિદ્ધિ રાજ્ય અને શિક્ષણ વિભાગ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

## વિવાદિત પ્રકરણની તપાસ SMC વડા નિર્લિપ્ત રાયને સોંપી દેવાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

અમરેલીમાં તા.પં.પ્રમુખના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાયરલ કરવાના મામલે પ્રમુખ કિશોરભાઈ કાનપરિયાએ અજાણ્યા શખસો સામે પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને લેટર ટાઈપ કરનાર એક યુવતી સહિત ૪ની ધરપકડ કરી હતી. દરમિયાન આ સમગ્ર બનાવમાં લેટર ટાઈપ કરનાર પાટીદાર યુવતીનું રી-કન્સ્ટ્રક્શનના નામે સરઘસ કાઢ્યું હતું. જેના પગલે કોંગ્રેસ સહિતના વિરોધપક્ષોના પાટીદાર નેતાઓ દ્વારા ભારે વિરોધ કરવામાં આવતા જેલ હવાલે કરવામાં આવેલી યુવતીને જામીન મુક્ત કરવામાં આવી હતી. ત્યારે હવે આ વિવાદિત પ્રકરણની તપાસ SMCને સોંપવામાં આવી છે. રાજ્યના સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાય આ સમગ્ર પ્રકારણની તપાસ કરશે. તેવો આદેશ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે ફરજમાં બેદરકારી બદલ લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ત્રણ પોલીસકર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં કિશન આસોદરીયા, વરજાંગ મૂળયાસીયા અને મહિલા પોલીસ કર્મી હિનાબેન મેવાડાને સસ્પેન્ડ કરાયા છે.

## સરદાર વલ્લભભાઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ, અમદાવાદ ખાતે માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી

### એરપોર્ટના કર્મચારીઓ, અધિકારીઓને માર્ગ સુરક્ષા, સલામતી અને ટ્રાફિકના નિયમોના પાલન અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું

। અમદાવાદ, તા.૧૩ ।

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી આરટીઓ અમદાવાદ દ્વારા સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અમદાવાદ ખાતે માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિતોને માર્ગ સુરક્ષા, સલામતી અને ટ્રાફિકના નિયમોના પાલન અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં આરટીઓ વિભાગના અધિકારી શ્રી એ. જે. વ્યાસ દ્વારા માર્ગ અકસ્માતની ગંભીરતા, ફરજિયાત હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગ સહિત રોજબરોજની ઘટનાઓના ઉદાહરણો દ્વારા માર્ગ સલામતી સંબંધે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ અમદાવાદના ડોક્ટર અને રોડ સેફ્ટી તજજ્ઞ ગીતિકા સલુજાએ માર્ગ સલામતીની જરૂરિયાત, સમાજિક બાબતો, ટ્રાફિક નિયમન અંગે ગંભીરતા સહિતના મુદ્દાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ઉપસ્થિત સૌને વાહન ચલાવતી વખતે ટ્રાફિક નિયમોનું પાલન કરવું એ આપણી નૈતિક જવાબદારી છે એમ જણાવીને માર્ગ અકસ્માતોની ગંભીરતા સમજાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, બાળકોને નાનપણથી જ ટ્રાફિક અને માર્ગ સુરક્ષાના નિયમોનું પાલન કરવા માટે તૈયાર કરવા જોઈએ. શાળા કક્ષાએથી જ માર્ગ સુરક્ષા, સલામતી અને ટ્રાફિક નિયમોના પાલન અંગેની નૈતિક જવાબદારી અંગેનું શિક્ષણ પૂરું પાડવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

એરપોર્ટ ઓથોરિટી દ્વારા કર્મચારીઓને માર્ગ સુરક્ષા, કાર્યસ્થળે સુરક્ષા નિયમોના પાલન સહિત ટ્રાફિક નિયમોનું પાલન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ત્રિ-દિવસીય ધાર્મિક ઉત્સવનો પ્રારંભ કરાયો

## નડિયાદના સંતરામ મંદિર અને અંબાજીમાં પોશી પૂનમની ઉજવણી

### આ મહા ઉત્સવમાં સહભાગી થવા મોટી સંખ્યામાં નાગા બાબા, સાધ સંતો, મહંતોએ અંબાજી તીર્થધામમાં આવી પહોંચ્યા હતા

। (એજન્સી) નડિયાદ,તા.૧૩ ।

આજે પોષી પૂનમ નિમિત્તે અંબાજી તેમજ નડિયાદના સંતરામ મંદિરમાં ભવ્ય ઉજવણી જોવા મળી. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે રવિવારે સાંજે શ્રી શંભુ પંચ દશનામ આહ્વાન અખાડા ભૈરવ ધૂની દ્વારા આયોજિત ત્રિ-દિવસીય શાહી સ્નાનના કાર્યક્રમનો પ્રારંભ થયો છે.

આ મહા ઉત્સવમાં સહભાગી થવા મોટી સંખ્યામાં નાગા બાબા, સાધ સંતો, મહંતોએ અંબાજી તીર્થધામમાં આવી પહોંચ્યા હતા. તો નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં પણ ભવ્ય ઉજવણી જોવા મળી છે. સંતરામ મંદિરમાં પોષી પૂનમને બોર પૂનમ તરીકે ઓળખવામાં આવે છે. જો બાળક બોલતું ના હોય તો સંતરામ મંદિરે બોર ઉછાળવાની બાધા રાખવાથી બાળકો બોલતું થાય છે. જેમાં ભક્તોની મનોકામના પૂર્ણ થતાં વહેલી સવારથી જ મંદિરમાં ભકતોની ભીડ જોવા મળી છે. સુપ્રસિદ્ધ અંબાજી નજીક કોટેશ્વર તીર્થસ્થાને અસ્ખલિત ગુપ્ત સરસ્વતીના ગૌમુખ કુંડમાં મકર સંક્રાંતિના શાહી સ્નાનનો કાર્યક્રમ યોજાયો છે. જ્યા ગઈ કાલ રવિવાર સાંજે શ્રી શંભુ પંચ દશનામ અખાડા ભૈરવ ધૂની માનસરોવર અંબાજી આયોજિત ત્રિ-દિવસીય ધાર્મિક ઉત્સવનો પ્રારંભ કરાયો હતો. મહંત વિજયગીરી મહારાજના જણાવ્યા પ્રમાણે માનસરોવર સ્થિત ભૈરવ ધૂની અતિ પ્રાચીન સમયની છે. આ કાર્યક્રમમાં પહેલા દિવસે ધર્મ ધ્વજા રોહણ સાથે સાંજે શ્રી સિદ્ધિ ગણેશ ભગવાનની આરતી કરવામાં આવશે. બીજા દિવસે ગૌ માતા પૂજન, ભૈરવ આરતી, કુમારી પૂજન સાથે બાલિકા ભોજન અને સાંજે સંધ્યા ટાણે માનસરોવર કુંડમાં ગંગા આરતી કરવામાં આવશે. ત્રીજા દિવસે નાગા સંન્યાસી તથા સંત સમુદાયની સવારે ૯-૦૦ કલાકે શાહી શોભાયાત્રા ભૈરવ ધૂણીથી કોટેશ્વર શાહી સ્નાન માટે પ્રસ્થાન કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ ત્રિ-દિવસીય આ કાર્યક્રમમાં શ્રી શંભુ પંચ દશનામ આહ્વાન અખાડા તેમજ શ્રી અંબાજી શત સેવા મંડળના અગ્રણી એવા મહંત વિજયગીરી મહારાજના નેતૃત્વમાં યોજાશે.




સુરતમાં ધરણાં પહેલાં કરાઇ હતી અટકાયત

## પરેશ ધાનાણી સહિત ૫૦ કાર્યકરો જામીન પર મુક્ત કરાયા

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

સૌરાષ્ટ્રના અમરેલીમાં ભાજપની આંતરિક જૂથબંધીનો ભોગ બનેલી પાટીદાર યુવતીના મુદ્દે સુરત સહિત ગુજરાતમાં પડઘા પડી રહ્યાં છે. ત્યારે આજે સોમવારે (૧૩ જાન્યુઆરી) સુરતના વરાછાના માનગઢ ચોકમાં ધરણાનું પર બેસે તે પહેલાં જ પરેશ ધાનાણી, પ્રતાપ દૂધાત સહિત ૫૦ જેટલા કાર્યકરોની અટકાયત કરવામાં આવ્યા બાદ સાંજે ૫:૦૦ વાગ્યાની આસપાસ જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. સુરતના વરાછા વિસ્તારમાં આવેલા માનગઢ ચોક ખાતે પરેશ ધાનાણીએ ધરણાંનો કાર્યક્રમ રાખ્યો હતો. જોકે વરાછાના માનગઢ ચોકમાં પરેશ ધાનાણી સહિતના કોગ્રેંસ કાર્યકરો ધરણા પ્રદર્શનનો કાર્યક્રમ યોજે તે પહેલાં અટકાયત કરી લેવામાં આવી હતી અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ધરણા પ્રદર્શનના કાર્યક્રમ માટે પોલીસ દ્વારા પરમિશન આપવામાં આવી ન હોવાથી પોલીસે પરેશ ધાનાણી, પ્રભાત દુધાત સહિતના ૫૦થી વધુ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી છે.

પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે 'અમરેલીમાં પાટીદાર સાથે જે બન્યું છે, તેને ન્યાય અપાવવા માટે લડત લડી રહ્યા છે. અમે માનગઢ ચોક ખાતે ધરણાં પ્રદર્શન માટે પરવાનગી માંગી હતી, પરંતુ પોલીસે પરવાનગી આપી ન હતી.' 'ખરેખર આ પ્રકારના ધરણાં પ્રદર્શન માટે પરવાનગી લેવાની જરૂર હોતી નથી. અમે પાટીદાર દીકરીને ન્યાય અપાવવા માટે શાંતિની ધરણાં કરવાના હતા. હાલ અહીં પોલીસ ગોઠવી દેવામાં આવી છે. જો અમને પરવાનગી આપવામાં નહી આવે તો અમે વરાછા પોલીસ સ્ટેશનમાં જ ધરણાં શરૂ કરી દઈશું.' અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો હતો. આ મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જાણકારી આપી હતી. નકલી લેટરપેડમાં ધારાસભ્ય કૌશિક વેકરીયા પર ગંભીર આરોપો મૂકાયા હોવાથી વેકરીયાના સમર્થકો ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. સમગ્ર મામલો જિલ્લા પોલીસ વડા સુધી પહોંચતા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સાયબર ક્રાઈમ સહિતની પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા ધારાસભ્યને બદનામ કરવાનું કાવતરું ઘડનારા ભાજપના પૂર્વ હોદ્દેદાર સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી.